
# અધ્યાત્મ


વર્ષ : ૭
અંક : ૮
મે : ૧૯૮૬




## ※ સદ્‌ભાવભરી ભેટ ※

પ્રભુની અને સદ્‌ગુરુની કૃપા તો જુઓ કે કોઈપણ પ્રકારની અપીલ વગર, સાધકો ને વાચકો અધ્યાત્મને સદ્‌ભાવભરી ભેટ મોકલતા રહે છે. એ સહુ અભિનંદનના અધિકારી છે. ભેટની વિગત આ પ્રમાણે છેઃ–

રૂા.
૧૯૧ શ્રી તાપીબેન ધીરજભાઇ ભક્ત, સાન્ફ્રાન્સીસકો.
૧૨૫ શ્રી લક્ષ્મીબેન ભીખુભાઈ, લોસ એન્જેલોસ,
 શ્રી અમિતના જન્મ પ્રસંગે.
૧૦૧ શ્રી હર્ષદભાઈ જીવાભાઈ, વડોદરા.
૯૯ શ્રી પ્રબોધકુમાર દેસાઇ, અમેરિકા.
૫૦ સોનેજી વસંતલાલ ગિરધરલાલ, મોરબી, કાર્ય સિદ્ધ થતાં.
૫૧ ગં. સ્વ. સવિતાબેન હીરાલાલ જોષી, વડોદરા.
૩૫ શ્રી ભૂપેન્દ્ર બી. સુરતિયા, ભરૂચ. જુદાજુદા સાત સંકલ્પો માટે.
૨૫ શ્રી મણિભાઇ મગનલાલ લાડ, પરઘટ.
૨૫૧ શ્રી રસિલાબેનના લગ્ન પ્રસંગે.
૨૫ ચિ. હિરેનના જન્મ પ્રસંગે.
૧૧ શ્રી જવાહર લાલજી રાવલ તરફથી પુત્ર ધર્મેશની વર્ષગાંઠ નિમિત્તે.
૧૧ શ્રી વિનેશભાઇ રાજકોટ.
૫૧ શ્રી દક્ષેશ કોન્ટ્રેકટરને વિદ્યાકીય સફળતા બદલ.
૨૧ શ્રી સુરેશચંદ્ર વાસુદેવ ભાવસારની પુણ્યતિથિ નિમિત્તે.
૫૧ શ્રી જીતેન્દ્ર મિસ્ત્રી, કડીપાણી



દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં
[ શ્રી રતિભાઇના નિવાસ મંદિરમાં ભસ્મપાત્ર ]



[ ડરબનના સપ્તાહ મંદિરમાં ભસ્મપાત્ર ]

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૭ અંક : ૮ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ

દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.

**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ ભાવનગર-૧


## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સ્વભાવિકતા | યોગેશ્વરજી | ૩ |
| યાત્રા શ્રી યોગેશ્વર ધામની | તંત્રી | ૬ |
| પવિત્ર ભસ્મનું વિસર્જન | મા સર્વેશ્વરી | ૯ |
| અહંશૂન્યતા—'સ્વ'બોધ | ભાઈલાલભાઈ છાટબાર | ૧૫ |
| મનની ચંચલતા જ પ્રગતિની બાધક છે | સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી | ૧૮ |
| રામાયણમાં અયન અને રામમંત્ર | પ્રા. જનાર્દન દવે | ૨૧ |
| 'બિનુ હરિ કૃપા મિલે નહીં સંતા' | ચિંતામણિ શાહ | ૨૩ |
| મન ! તું... | રણજિત પટેલ | ૨૫ |
| જયરામવાટીથી કામારપુકુર | ઈશ્વરભાઈ પરમાર્થી | ૨૬ |
| પ્રશ્નોત્તરી | ઈશ્વરભાઈ શાહ | ૩૩ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૪૨ |
| સાઈકૃપાનું દર્શન | નારાયણભાઈ જાની | ૫૩ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**


વર્ષ : ૭ મે-૧૯૮૬ અંક : ૮


## સ્વભાવિક્તા

યોગેશ્વરજી

એક દિવસે ફોટોગ્રાફરે ફોટો લેવાની તૈયારી કરતી વખતે અમને જણાવ્યું: 'જરા હસતા રહેજો. મોંઢાને મલકતું, હસતું રાખજો. ફોટો ત્યારેજ સારો આવી શકશે'.

ફોટો પાડનાર ભાઈએ કૃત્રિમ રીતે હસાવવાનો પ્રયત્ન કર્યો. એ પ્રયત્ન ક્ષણજીવી નીવડ્યો, એટલે ફોટોગ્રાફરે વળી કહ્યુ: "ફોટો લઉં ત્યાં સુધી મનને મજબુત રાખીને સ્મિત કરતા રહો તો સારુ."

"પરંતુ મારાથી વધારે સમય સુધી સ્મિત કરી શકાતું નથી, આટલું સ્મિત પણ મહા મહેનતે કરી રહ્યો છું. હવે તમે મને હસતો જુઓ તેજ વખતે ફોટો પાડી લો, તો સારું. વિલંબ ના કરો."

પેલા ભાઈના શબ્દોને સાંભળીને ફોટોગ્રાફરે ફરીવાર થોડા સમય સુધી હસતા રહેવા જણાવ્યું, અને અવસરને ઓળખીને તરતજ ફોટો પાડી દીધો. પણ છેક છેવટની ક્ષણે પાછો અમારો ચહેરો ગંભીર બની ગયો.

ફોટોગ્રાફરે જણાવ્યું કે "હવે ફોટો ધાર્યો જેટલો સારો નહીં આવે. એનો દોષ મને ના દેતા, મેં તમને પ્રથમથીજ સૂચના આપેલી."

દોષ ફોટોગ્રાફરનો પણ હતો જ, કારણકે એ પેલા ભાઈને સ્વભાવિક નહીં, પરંતુ કૃત્રિમ ફોટો લેવાની કોશિષ કરી રહેલા. એમના મનમાં એવો ભ્રાંત વિચાર પેસી ગયેલો કે સ્મિત કરતા મુખવાળો ફોટો વધારે આદર્શ અથવા વધારે સારો કહેવાય. ફોટો નૈસર્ગિક મુખા-કૃતિનું પ્રતિબિંબ પાડતો સહજ પ્રતિછબી હોવો જોઈએ, એ વાતનો એમને ખ્યાલજ ન હતો. ફોટો પાડવાની પ્રક્રિયાને એ એક કૃત્રિમ નાટકીય પ્રક્રિયા સમજતા.

આપણામાંના ઘણા એવું સમજતા હોય છે. અસલ નહીં પણ નકલ, કુદરતી નહીં પરંતુ કૃત્રિમનો આપણે દેખાવ કરીએ છીએ, એને આરાધીયે અથવા ઉત્તેજીએ છીએ. પરિણામે આપણા જીવનમાં પણ કૃત્રિમતા આવે છે અને આપણા સમાગામમાં આવનારા બીજા બધા પણ કૃત્રિમ થવાના, જેવા નથી તેવા દેખા-વાના, તેવી રીતે બોલવાના, ચાલવાના, જીવવાના, હસવાનો પ્રયત્ન કરે છે. એવો પ્રયત્ન સર્વત્ર જોવા મળે છે. એને લીધે આપણા જીવનની સ્વભાવિક્તા ઘટતી કે મટતી જાય છે. દંભ, દેખાવ, બનાવટ, છેતરપીંડી વધતી જાય છે. શાંતિ મરતી જાય છે, અશાંતિ વિસ્તરતી રહે છે. આપણે જેવા છીએ તેવા દેખાવાનો, જીવવાનો, પ્રયાસ જ નથી કરતા. આપણી સ્વતંત્રતા તથા સુરૂચિતાનો નાશ થાય છે.

એવા જીવન વ્યવહારથી જુદી રીતે, સ્વાભાવિક રીતે જીવનારા ને જીવવામાં માનનારા માનવો પણ મળી આવે છે. એમની સંખ્યા ભલે ઓછી હોય, અત્યંત ઓછી હોય, પરંતુ એમનો આત્યંતિક અભાવ નથી. એમને મળીને આનંદ થાય છે. સંતોષ સાંપડે છે. એ અવનિના અલંકાર લાગે છે.



એક સદ્‌ગૃહસ્થને એમનાં શ્રીમતીજીએ સૂચના આપી કે આજે આપણે ઘેર પેલા પ્રતિષ્ઠિત પુરુષો મળવા આવવાના છે માટે સંભળાને બેસજો, બોલજો અને પેલા ક્રીમ કલરનાં રેશમી કપડાં પહેરજો. એ સદ્‌ગૃહસ્થે સ્વસ્થતાપૂર્વક શાંતિથી જણાવ્યું કે તારી સૂચના માટે આભાર. તારી સૂચનાઓ સદા આવીજ હોય છે, છતાં પણ હું મારી ઈચ્છા પ્રમાણે કરતો રહું છું. હું જેવી રીતે રોજ રહું છું, બોલું છું, તેવીજ રીતે રહીશ, બેસીશ અને બોલીશ. રોજનાંજ વસ્ત્રો પહેરીશ. કોઈ માટે અનાવશ્યક દેખાવ કે દંભ નહીં કરું. જેવો છું તેવો જ રહીશ.

એ સદ્‌ગૃહસ્થે એમને ત્યાં પધારેલા ફોટોગ્રાફરને પણ એની સ્મિત કરવાની સૂચનાને સાંભળીને જણાવ્યું કે હું જેવો છું તેવો જ, સ્થૂળ રીતે ફોટામાં પ્રતિબિંબિત બનું એવી મારી ઇચ્છા છે. માટે મારો ફોટો લઇ લો. એ મારો અસલ ફોટો હશે. નકલી ફોટો નહીં હોય. ફોટો ગ્રાફરે અવારનવાર દલીલો કરી પણ તેમનું કાંઇ વળ્યું નહીં. છેવટે એમને પેલા સદ્‌ગૃહસ્થનો સહજ, સ્વાભાવિક નૈસર્ગિક ફોટો લેવો પડ્યો. એ ફોટાની નીચે પેલા સદ્‌ગૃહસ્થે સુંદર શબ્દોમાં લખ્યું-'સ્વાભાવિક ફોટો-જેવો છું તેવો જ.'

જીવનમાં આપણે પણ જે વાંછીએ તેવાજ, નૈસર્ગિક રીતેજ કોઇપણ પ્રકારની બનાવટ સિવાય, કોઇનીય આંખે ઊંધા ચશ્મા પહેરાવવાના પ્રયાસો કરવાને બદલે આપણા મૂળ સહજ સ્વરૂપે રહેવાની ને જીવવાની કોશિષ કરીએ તો ? આપણને ને બીજા બધાને કેટલો બધો લાભ થાય ? જીવનની અનેકવિધ સમસ્યાઓ સહેલાઇથી ઉકલી જાય. આપણને સહજ રીતે જીવવાનો સંતોષ મળે. એ સંતોષ શાંતિમાં, ઊંડી સનાતન શાંતિમાં પરિણમે. તો આવો, આજથી, અત્યારથી, સ્વાભાવિક રીતે જીવવાનો, જીવનના પ્રત્યેક વ્યવહારમાં સ્વાભાવિકતા લાવવાનો સંકલ્પ કરીએ. એ શુભ સંકલ્પને વળગી રહીએ.

# યાત્રા શ્રી યોગેશ્વર ધામની

—તંત્રી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના ચારસો જેટલા સાધક અનુયાયીઓ અને ભક્તોએ–એમની જન્મભૂમિ–સરોડા ગામની–શ્રી યોગેશ્વર ધામની યાત્રા તા ૨૦–૪–૮૬ ના રોજ કરી ત્યારે સમગ્ર ગામનું વાતાવરણ એક મોટા ઉત્સવમય બની ગયું.

પ. પૂ. ગુરુદેવની છ ફુટ મોટી રંગીન પ્રતિકૃતિને ગાડી ઉપર પધરાવી–ભક્તોએ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે– "શ્રીયોગેશ્વર ભગવાનકી, જય બોલો સર્વેશ્વરી માતાની–" તાલબદ્ધ ધૂન સાથે–ગામના માર્ગો ઉપર પ્રયાણ આરંભ્યું, ત્યારે સમગ્ર ગામની જનતા–પોતાના ગામના આ સંત મહાપુરુષને વંદન કરવા ઉમટી પડી.

એપ્રિલના તડકાથી ઠીક ઠીક તપેલી આ પવિત્ર ધરતી ઉપર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ ૭૬૨ દિવસના ઉપવાસો છતાં, ઉઘાડા પગે વિચરવાનું પસંદ કર્યું, ત્યારે ભક્તો પૂ. માના ગુરૂદેવ પ્રત્યેના અદ્‌ભુત પૂજ્યભાવને મનોમન વંદી રહ્યા. પૂ. શ્રી ની જીવંત પ્રતિકૃતિ સાથેની આ શોભાયાત્રા ગામના માર્ગો ઉપર ફરીને પૂ. શ્રી ના ઘરે પહોંચી ત્યારે પૂ. શ્રીનાં પૂર્વાશ્રમનાં બેન–તારાબેને તથા તેમના પરિવારે તેનું પૂજન કર્યું ને ભક્તોનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું, અને પુષ્પમાળાઓથી પૂ. માનું અભિવાદન કર્યું.

આ પ્રસંગ નિમિત્તે પૂ. શ્રીના ઘર આગળ સુંદર સમિયાણો ઊભો કરવામાં આવ્યો હતો ઉનાળાની ગરમીને લીધે–પંખાની સુવિધા પણ સમિયાણમાં કરવામાં આવી હતી.



પૂ. મા શ્રી સર્વેશ્વરીએ જણાવ્યું કે સરોડાની આ ધરતી, પૂ.શ્રીનો આ પરિવાર અને આ ગામ-અમો સહુ માટે પવિત્ર તીર્થ સમાન છે. અમારી આ યાત્રા છે, કારણ કે જે ધરતી ઉપર પ. પૂ. શ્રી યોગેશ્વરજી જન્મ્યા, ઉછર્યા, વિચર્યા એ પવિત્ર ધરતીને અમારા અનેકાનેક વંદન હો. આજે પૂ. શ્રીનાં બહેને આપણને આમંત્રણ આપતાં આપણે સહુ અહીં આવ્યા છીએ, એ આપણું સદ્‌ભાગ્ય છે

પૂ. યોગેશ્વરજી એ કેવી વિરાટ વિભૂતિ હતા, તે તો સમયજ બતાવશે. એટલે આપણે ઇચ્છીએ કે આવા મોટા મહાપુરુષના જન્મસ્થાનમાં એક સુંદર સ્મારક થાય, અને શ્રી રામકૃષ્ણ પરમહંસના જન્મસ્થાન કામારપુકુરની જેમ એમનો પરિવારજ એનું સર્જન કરી એની શ્રદ્ધાભક્તિપૂર્વક દેખભાળ ને સંચાલન કરે, એવી આપણી ભાવના છે. જેથી અહીં આવી શ્રી ગુરુદેવના ભક્તો ને સાધકો પ્રેરણા અને શાંતિ પામી શકે. પૂ. શ્રી વિષે બોલતાં મા સર્વેશ્વરીએ જણાવ્યું કે મા જગદંબાની ઇચ્છા પ્રમાણે—પોતાને સોંપાયેલ અભિનય પૂર્ણપણે અદા કરી એ મહાપુરુષ લીલા સંવરણ કરી ગયા. ભલે સ્થૂળ સ્વરૂપે અત્યારે આપણી વચ્ચે તેઓ નથી, પરંતુ આપણી પાત્રતા પ્રમાણે આજેય એમની કૃપા આપણે ઝીલી શકીએ છીએ. એમની એવી દિવ્યકૃપાથીજ અમે આટલા ઉપવાસો છતાં ટકી શક્યાં છીએ.

આ પ્રસંગે પ.પૂ. માતાજી જ્યોતિર્મયીને પણ પૂ. માશ્રી સર્વેશ્વરીએ ભવ્ય અંજલિ આપતાં કહ્યું હતું કે તેઓ એક શ્રેષ્ઠ સાધ્વી હતાં. એથીજ પ. પૂ. યોગેશ્વરજી જેવા મહાપુરુષે એમની કૂખે જન્મ લેવાનું પસંદ કર્યું. આજના આ પ્રસંગે એ આપણી ઉપર અવશ્ય પ્રસન્ન થઈ આશીર્વાદ વરસાવતાં હશે. આ બન્ને મહાવિભૂતિઓ આજે પણ સૂક્ષ્મ

સ્વરૂપે પોતાનું કામ કરી રહી છે, પરંતુ એમનો અનુભવ કરવા માટે આપણે આપણી પાત્રતા કેળવવી રહી.

પૂ. માની સૂચનાથી શ્રી નારાયણભાઈ જાનીએ સરોડાની મુલાકાતનાં પોતાનાં વર્ષો પૂર્વેનાં સંસ્મરણો વર્ણવી પૂ. શ્રી અને માતાજીને અંજલિ અર્પી હતી.

પૂ. શ્રીના અનન્ય ભક્ત શ્રી શાન્તિભાઈ કનેરિયાની ભાવના હતી કે પૂ. શ્રીની આ પ્રતિકૃતિનું પૂજન પૂ. શ્રી ના જન્મસ્થાનમાં થાય. આ રીતે શ્રી શાન્તિભાઈની ભાવના પ્રભુએ પૂર્ણ કરી. હવે આ પ્રતિકૃતિ તેઓ પોતાના રાજકોટના ઘરમાં પધરાવશે.

આ સમારોહનું સમાપન કરતાં પહેલાં પૂ. માએ પોતાનું સ્વરચિત ભજન રજુ કર્યું હતું-જેના શબ્દો હતાઃ—

સાબરમતીની ગોદે, સરોડા ગામ જો,
સંત સ્વરૂપે પ્રકટયા ત્યાં ભગવંત જો.
શ્રાવણ સુદ બારસ ને સોમવાર જો
ઓગણીસો એકવીસ તણુ એ પ્રભાત જો.
મા જ્યોતિર્મયી કેરા જીવન આંગણે
મણિપુત્રરૂપે વિહરે જગના તાત જો...
જ્ઞાની ભક્તો પામ્યા એનો પાર જો,
અજ્ઞાની ભરમાયા માયા જાળ જો.
અને અન્તમાં
ભાઈલાલમાંથી પ્રકટયા શ્રી ભગવંત જો....

પૂ. શ્રી ની અમૃતવાણીનો આસ્વાદ પણ આ પહેલાં ભક્તોએ માણ્યો હતો. મનને સ્થિર કેમ કરવું એના વિવિધ ઉપાયો—એ પ્રવચનનો વિષય હતો. આ પ્રસંગે આવેલ ભક્તોના ભોજનનો પ્રબંધ શ્રી તારાબેન અંબાલાલ શુક્લ

(અનુસંધાન પાના ૫૨ ઉપર)



# પવિત્ર ભસ્મનું વિસર્જન

મા સર્વેશ્વરી

દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં સંત પુનિત સેવા સંઘના આમંત્રણને માન આપી પૂ. શ્રી યોગેશ્વરજી નવે. ૮૨ થી માર્ચ ૮૩ સુધી ત્યાં પધાર્યા. હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી ભાષા ઉપરના પૂર્ણ પ્રભુત્વથી આખાયે દેશની વિવિધ સંસ્થાઓને તેમણે આધ્યાત્મિક અનુભવ યુક્ત જ્ઞાનનો લાભ આપ્યો. અમે એ ધરતીને સર્વધર્મ સમન્વયનો સંદેશો ધર્યો.

પૂ. શ્રીએ ૨૦ માર્ચ ૧૯૮૩ ના રોજ વિદાય લીધી ત્યારે કલ્પના પણ ન હતી કે એ અંતિમ વિદાય હશે. ૧૯૮૪ ના ૧૮ માર્ચના રોજ પૂ. શ્રીએ લીલા સંવરણ કર્યું. એમના પાર્થિવ લીલાતનુની પાવન ભસ્મ દેશવિદેશના ભક્તો-એ પોતાના દેવસ્થાનોમાં પધરાવી.

ડરબનના એ પુનિત સેવા સંઘના પ્રમુખ અને પૂ. શ્રી ના સેવાભાવી પ્રેમી યજમાન શ્રી રતિભાઈના મનમાં પણ એક ભાવના જાગી કે પૂ. શ્રીની એ પાવનભસ્મ દક્ષિણ આફ્રિકા પધારે ને હિન્દી મહાસાગરમાં સંપૂર્ણ આદર સન્માન સાથે એનું વિસર્જન થાય.

અમને પત્રથી જાણ કરી. અમે ભારતથી તામ્રપત્રમાં સુખડના સુગંધિત દ્રવ્ય સાથે તે ભસ્મપાત્રને સેવાસંઘના એક સભ્ય સાથે દક્ષિણ આફ્રિકા વિદાય કરી.

શ્રી રતિભાઈ અને શ્રીમતી પાર્વતીબેને પોતાના નિવાસ-સ્થાનના એ મંદિરમાં એ ભસ્મપાત્રનું સ્થાપન કર્યું.

છેલ્લા દોઢ વરસસુધી શ્રી રતિભાઇના નિવાસસ્થાને પૂ. શ્રી ની એ ભસ્મનું પુષ્પ તુલસીદળથી નિયમિત પૂજન થયું. શ્રી

ૐ

શ્રી સંત પુનિત સેવા સંઘ — શ્રી સુરત આર્ય ભજન મંડળ

શ્રી મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર અને શ્રી સ્વામી અમૃતાનંદ યોગા સ્કૂલ

# અસ્થી દર્શન · વંદના



## પૂજ્ય મહાત્મા યોગેશ્વરજી

જેઓ તા. ૧૮-૩-૧૯૮૪ ને રવિવારે મુંબઈમાં બ્રહ્મલીન થયા હતાં તેમની અસ્થી જનતાના દર્શન માટે અત્રે આવી છે.

પૂજ્ય બાપુજી - શ્રી મહાત્મા ગાંધીની અસ્થી અત્રે લાવવામાં આવી હતી ત્યારબાદ આ બીજો પ્રસંગ છે. કે જેમણે અત્રે આવી સતત ચાર મહિના સુધી પ્રવચનો, ભજનો અને ધ્યાન-યોગ ઉપર આપની શ્રધ્ધા-ભાવનામાં વધારો કર્યો છે. આપણને માર્ગદર્શન આપ્યું છે. તેમની અસ્થીના આ આખરી દર્શન માટે ઉપરોક્ત સંસ્થાઓના આશ્રય હેઠળ નીચેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

**તારીખ તા. ૧૫-૩-૧૯૮૬ ને શનિવાર**

સમય :- સાંજે ૭-૧૫ મિનીટે થી ૧૦-૧૫ મિનીટ સુધી

વિષય :- ભજન કિર્તન.

નીચેના ભજન મંડળો આ કાર્યક્રમમાં ભાગ લેશે

(૧) શ્રી લક્ષ્મીનારાયણ મહિલા ભજન મંડળ (૨) શ્રી સ્વામિનારાયણ ભજન મંડળ
(૩) શ્રી નાતાલ રજપુત ભજન મંડળ (૪) શ્રી સુરત આર્ય ભજન મંડળ
(૫) શ્રી રીઝર્વોયર હીલ્સ હિન્દુ ભજન મંડળ

**અસ્થી વિસર્જન** રવિવાર, તા. ૧૬-૩-૧૯૮૬ ના રોજ સવારે ૮:૩૦ મિનીટે મંદિરમાં ૧૫ મિનીટ "ૐ નમઃ શિવાય" મંત્રથી સમુહજાપ બાદ સવારના ૮:૪૫ મિનીટે નોર્થ-ડરબન ની સાઈડ ઉપર જઈ બોટ દ્વારા સમુદ્રમાં વિસર્જન કરવામાં આવશે.

તા.ક. કોઈ પણ સંત કે મહાત્માના અસ્થી દર્શન-વંદના એ ઘણાજ સુયોગે પ્રાપ્ત થાય છે. ડરબનની જનતા આ પ્રભુ કૃપાએ પ્રાપ્ત થયેલા સુયોગનો પ્રત્યક્ષ હાજરી આપી પુણ્ય ફળ પ્રાપ્ત કરશે.

એજ વિનંતી સાથ સર્વેને સવંદન સાથ આમંત્રણ

લી. અધિકારીઓ.



રતિભાઇના એ મંદિરમાં શ્રી રામકૃષ્ણદેવ ને શ્રી શારદામાની પ્રતિમા વચ્ચે તે ભસ્મપાત્ર પ્રારંભની તસ્વીરમાં જોઈ શકાય છે.

દક્ષિણ આફ્રિકાનું રાજકીય વાતાવરણ શાંત થતાં જ સંત પુનિત સેવા સંઘે ૧૬ માર્ચ ૧૯૮૬ ના રોજ ભસ્મ વિસર્જનનો જાહેર કાર્યક્રમ રાખ્યો.

'અસ્થિ દર્શન વંદના' નામની જાહેર પત્રિકા દ્વારા ચાર સંસ્થાઓના ઉપક્રમે સૌને આમંત્રણ અપાયું, જેનો નમૂનો પાના નં. ૧૦ ઉપર છાપવામાં આવ્યો છે.

૧૬ મી માર્ચની આગલી સંધ્યાએ પ્રીન્સ એડવર્ડ સ્ટ્રીટ ઉપર આવેલા સપ્તાહ મંદિરના સુંદર પાવન સ્થળે એ ભસ્મ પાત્રને શ્રી રતિભાઇના નિવાસસ્થાનેથી લાવવામાં આવ્યો. અહીં મંદિરમાં પણ શ્રી રામકૃષ્ણદેવ, શ્રી શારદામા અને મધ્યમાં પૂ. શ્રી યોગેશ્વરજીની તસ્વીર છે ત્યાં તેની બેઠક ગોઠવાઈ જે પાના ૪ ઉપરની તસ્વીરમાં જોઈ શકાય છે.

૧૫/૩/૮૬ ના રોજ સાંજે ત્રણ કલાકના જાહેર કાર્યક્રમનો પ્રારંભ થયો જેમાં શ્રી લક્ષ્મીનારાયણ ભજન મંડળ, શ્રી સ્વામીનારાયણ ભજન મંડળ, શ્રી નાતાલ રજપૂત ભજન મંડળ, શ્રી સૂરત આર્ય ભજન મંડળ તથા રીઝોર્વ હીલ હિન્દુ ભજન મંડળે સુંદર ભજનોનો કાર્યક્રમ રજૂ કર્યો. વળી ડીવાઈન લાઈફ સેન્ટરના સમર્પિત સાધક શ્રી બિપીન-ભાઇએ પણ એમાં ભાગ લીધો.

શરૂઆતમાં સમૂહ મંત્ર જપના પંદર મિનિટના કાર્યક્રમ પછી પૂ શ્રી ના જીવન વિશે શ્રી રતિભાઇએ વાર્તાલાપ આપી 'પ્રકાશના પંથે' આત્મકથામાંથી થોડું વાંચન કરાવ્યું. અને ભજનોને અંતે શ્રી યોગેશ્વર બાવનીનો પાઠ અને 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' ની ધૂન સાથે કાર્યક્રમ પૂર્ણ થયો ત્યારે સૌએ

ભસ્મપાત્રને વ્યક્તિગત રીતે પોતાના મસ્તકે ચઢાવીને ભાવ-ભક્તિથી વંદના કરી વિદાય લીધી.

તા. ૧૬/૩/૮૬ને રવિવારે સવારે ફરીથી સૌ સત્સંગીઓ સપ્તાહમંદિરમાં પધાર્યા. ડરબનના સેવાભાવી કર્મકાંડી વિદ્વાન શ્રી રમણભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ વિસર્જનની વિધિઓનો પ્રારંભ થયો.




[અસ્થિપાત્ર લઈને શ્રી પાર્વતીબેન, શ્રી રતિભાઇ શ્રી ભીખુભાઇ, શ્રી મણીબેન શ્રી પદ્માબેન નાયક વિગેરે.]

સૌ પ્રથમ પૂજન બાદ ભસ્મપાત્રમાં પવિત્ર ગંગાજળ અને પંચામૃતનો અભિષેક થયો, પુષ્પ ને તુલસીપત્ર અર્પણ કરી સમૂહમાં ૐ નમઃ શિવાયની ધૂન પંદર મિનિટ સુધી કરી. ત્યારબાદ પુનિત સેવા સંઘના મુખ્ય પ્રેરક શ્રી શાંતિભાઈ-



એ ભસ્મપાત્ર પોતાના હસ્તે ઉપાડયો અને ભસ્મ વિસર્જનની યાત્રા શરૂ થઇ. ધૂન ભજનો સાથે વચ્ચે વચ્ચે શ્રી વન-માળીભાઇ ગોસાઇ ( જેમણે પૂ. શ્રીનાં પ્રથમ અંગ્રેજી પ્રવચનોનું આયોજન કર્યું હતું ) તથા શ્રી ડાહ્યાભાઇ ( આર્ય સભાના કાર્યકર્તા ને પૂ. શ્રી ના ભક્ત ) તથા શ્રી ભગુભાઇ ( ભજન મંડળીના નાયક ) શ્રી ભીખુભાઇ તથા શ્રીમતિ મણીબેન ( સપ્તાહ મંદિરના પૂજારીઓ ) શ્રી પદ્દમાબેન નાયક ( પૂ. શ્રીના ડરબનના પ્રથમ સેવાભાવી યજમાન-વી. એન. નાયક સ્ટોરવાળા ) વિગેરે સૌએ વારફરતી પોતાના હાથમાં ભસ્મ પાત્રને પધરાવ્યું.




[સ્ટીમલોચમાં ભસ્મપાત્ર સાથે શ્રી શાંતિભાઇ]

અને ભજન કીર્તન સાથે એ યાત્રા સમુદ્ર કાંઠે આવી

પહોંચી. ત્યાં સ્ટીમ લોંચ ઊભી હતી. જે સ્ટીમલોંચમાં પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ સમુદ્રની સહેલગાહ કરી હતી, તેમાંજ સૌ ગોઠવાયા. તસ્વીરમાં એ સ્ટીમ લોંચ અને તેમાં શ્રી શાંતિભાઇ ભસ્મ પાત્ર લઇને ઊભા જોઇ શકાય છે.

સપ્તાહ મંદિરથી સમુદ્રના મધ્ય ભાગમાં પહોંચતા સુધી ભજન, ધૂન, બાવની ચાલુ જ હતી. સમુદ્રના બરાબર મધ્યમાં સ્ટીમ લોંચ સ્થિર કરવામાં આવી. અગિયારવાર સમૂહમાં ગાયત્રી મંત્રના જપ ને સમૂહ ધૂન પછી માહાત્મા શ્રી યોગેશ્વરજીની જય સાથે સંપૂર્ણ સન્માન ને ભક્તિ ભાવથી

(અનુસંધાન પાના ૫૦ ઉપર)



[ભસ્મ વિસર્જનની પળોમાં શ્રી શાંતિભાઈ શ્રી ડાહ્યાભાઇ શ્રી રતિભાઇ]



# અહંશૂન્યતા—'સ્વ'બોધ

ભાઈલાલભાઈ છાટબાર

'અહં' અનંતની યાત્રાના માર્ગમાં સૌથી મોટો અંતરાય છે. તે અવરોધક અને વિઘાતક બને છે. અહં ઉદ્દેશમૂલક હોવાથી સીમાબદ્ધ છે. અહંને કારણે મન દુન્યવી ચીજોની અદમ્ય આસક્તિમાં અને અમાપ પરિગ્રહમાં અટવાય છે અને તે સારાસારની વિવેકબુદ્ધિ ગુમાવી બેસે છે.

'અહં' એકાંગીપણું, દૃષ્ટિસંકુચિતતા અને વ્યવહાર-સંકીર્ણતા લઈ આવે છે. તેને પરિણામે પીડા પમાય છે. તે અસ્થિરતા પેદા કરે છે અને વિક્ષુબ્ધતા બક્ષે છે. અહંયુક્ત મનના ખૂણામાં આગ્રહપૂર્વક અડ્ડો જમાવીને પડેલી ઘણી ઘણી અસ્તવ્યસ્તતા હોય છે.

મનના ઝરુખા અને બુદ્ધિની અટારીએથી 'અહં' જીવનના પ્રત્યેક પ્રાણી–પદાર્થને મૂલવે છે અને તેની માગણી પરિપૂર્ણ ના થતાં અતૃપ્તિ અને અભાવ અનુભવે છે. તે પ્રબળ આત્મિક ક્ષુધાને કદીય તૃપ્ત કરી શકે નહિ.

અહંયુક્ત મનબુદ્ધિ સામર્થ્યહીન છે. અહંને આધારે કેવળ તર્કબુદ્ધિથી સાચી આધ્યાત્મિક અનુભૂતિ શક્ય નથી કારણકે તે મનબુદ્ધિની પારનો વિષય છે.

તર્ક અને બુદ્ધિ નરી પાર્થિવતામાં અને કઠણ ખડકાળ જમીનમાં કાર્યરત હોય છે. પાર્થિવતા અને ખડકાળ જમીનમાં આત્મિક દિવ્યતાનું પુષ્પ ખીલી શકતું નથી.

આત્મલક્ષી આંતર મનનો નકારાત્મક બાહ્યપક્ષ તે બુદ્ધિ છે. મનુષ્યમાં નકારાત્મક બુદ્ધિપક્ષ જાગ્રત હોય છે. બાહ્ય મનની બીજી નકારાત્મક બાજુ તર્કપક્ષ છે. મનની નકારાત્મક બાજુઓ દિનરાત કામ કર્યા કરે છે. અને તેની પાછળ રહેલો

'અહં' મનુષ્યની મહામૂલ્યવાન અહંકારાત્મક બાજુઓનો વિકાસ થવા દેતો નથી.

અહંની ઓથે ઊભેલા મનબુદ્ધિના તોફાની કિનારાઓને પેલેપાર નિગૂઢતમ ચેતન સૃષ્ટિમાં 'સ્વ' હસ્તી ધરાવે છે.

ભય, કામ, અહંકાર અને સુખ-ઉપભોગની વાસના—આ ચારેય ભાવ બાહ્ય મનની ઉપજ છે.

આત્મલક્ષી આંતરૂમનનો પરલક્ષી બાહ્ય મન ઉપર કાબૂ તે આત્મસંયમ છે. અહંને વશ કરી શૂન્ય બનાવવાનું કામ આત્મસંયમ કરે છે.

અહં અને મમત્વનો નાશ કર્યા વિના અજવાળું થતું નથી.

'અહં' તે 'સ્વ' નથી.

સમગ્ર ચેતનજગતનો 'સ્વ' એક અને એકરૂપ છે અને આ બધા આંશિક વ્યક્તિ-વસ્તુગત 'સ્વ' વિશ્વવ્યાપક ચૈતન્ય-સત્તાના લઘુ અંશો છે.

મનબુદ્ધિમાં ના સમાઈ શકે તેવું કાંઇક સીધું જ આંતરૂ ચેતનાને સ્પર્શે છે અને ત્યારે 'સ્વ-બોધ' ના ઉદયની ઝાંખી થાય છે. 'અહં' નો લય એટલે 'સ્વ'ની નિજસ્વરૂપમાં પ્રતિષ્ઠા. પ્રબુદ્ધ 'સ્વ' સત્યને પામે છે.

મનાતીત ચૈતન્યસત્તા 'સ્વ' ને અંતિમ દૃષ્ટિ, અંતિમ શ્રવણ, અંતિમ સ્વાદ, અંતિમ ઘ્રાણ અને અંતિમ સ્પર્શ શક્તિ આપે છે.

'સ્વ' નો બોધ ઉદાર, વિશાળ અને સર્વદેશીય દિવ્ય દૃષ્ટિ આપે છે. તે નિજાનંદને જગાડનાર જડી બુટ્ટી છે અને તેનાથી પળે પળે દિવ્ય આનંદની અનુભૂતિમાં વિચરણ થાય છે.

'અહં' નું 'સ્વ' માં આરોપણ થાય તે વખતે 'સ્વ' સરૂપ-સાકાર વ્યક્તિ ભાસે છે પરંતુ અહંશૂન્યતાની અવસ્થા-માં 'સ્વ' મૂળભૂત સ્વરૂપે અરૂપ-નિરાકાર હોય છે.



'સ્વ-બોધ' ચરાચર તમામ પ્રાણીપદાર્થો પ્રત્યે પ્રેમ પ્રસ્થાપિત કરે છે અને જીવનમાં જે મધુમય મંગલમય છે તેનાં દિનરાત દર્શન કરે છે. તે આનંદધર્મી અને સર્વમંગળકારી છે.

'સ્વ' બોધના ટાણે અંદર અને બહાર એક લયબદ્ધ માધુર્યસ્રોત વહે છે. એક અસીમ અનંત માધુર્યસાગર સ્વયં પોતાના ઉજ્જવળ પ્રકાશમાં નિકટમાં ઝળહળી ઊઠે છે.

'સ્વ' નો બોધ વિવેકબુદ્ધિને સ્થિર કરે છે અને તે, આત્મજ્ઞાનના યોગથી વિચલિત થતાં અટકાવી દઇ ક્ષેમનું રક્ષણ કરે છે.

'સ્વ' નો બોધ જગતની નેતિવાચક શુન્યતાને માનવીય પ્રેમની સુષમા, ઉષ્મા તેમજ મધુરતાથી ભરી દે છે. 'સ્વ' ના બોધનું ચિત્રાંકન 'પરમ' ને મનુષ્યનો સુગોચર સાથી-સંગાથી બનાવી દે છે.

'આત્મબોધ' અતીન્દ્રિય પ્રેમ, સદ્જ્ઞાન, આનંદ, પ્રકાશ, શાંતિ સર્વ કાંઇ લઇ આવે છે. તે આત્મવૈભવ આપે છે જેની તોલે કોઇ વૈભવ આવી શકે નહિ.

સ્વબોધનો અવસર અમૂલો અવસર છે. 'સ્વબોધ' થતાં સ્વદેશ-નિજઘરે પાછાં ફર્યાનો આનંદ સાંપડે છે.

પરમદિવ્યપ્રદેશ કે જ્યાં નિત્યવસંતની બંસી બજી રહી હોય, તે હરેક મનુષ્ય માટે આખરી મુકામ તરીકે નિર્ધારિત છે જ. હરેક મનુષ્ય આ જન્મ દરમ્યાન કે જન્માંતરે વહેલો મોડો એ આનંદધામમાં પ્રવેશ પામ્યા વિના રહેતો નથી કેમકે એ એનું અસલી ઘર છે. મૂળ વતન છે. આનંદધામના આ મુકામના દ્વાર 'સ્વ' નો બોધ થતાં ખૂલી જાય છે.

અહંયુક્ત અબોધ મનુષ્ય પોતાના પરમાત્મપદને ભૂલેલો છે.

'સ્વ-બોધ' પ્રાપ્ત મનુષ્ય સ્વયં પરમાત્મા છે.

# મનની ચંચલતા જ પ્રગતિની બાધક છે

બ્રહ્મલીન સ્વામી શ્રી કૃપાલ્વાનંદજી

નગરમાં એક સુપ્રસિદ્ધ ભક્ત આવ્યા. તે એક ભાવુક ભાઈએ જાણ્યું એટલે તેઓ તેમના સત્સંગમાં ભળ્યા.

થોડા દિવસ પછી તેમણે સંતને વિનવ્યા, આપ મારા ગુરુ બનવા કૃપા કરો. મને મંત્રદીક્ષા આપો.

ગુરુએ શિવમંત્ર આપ્યો.

મંત્રદીક્ષા લીધા પછી શિષ્યે અંતમાં કહ્યું : "ગુરુદેવ ! હું બાલ્યાવસ્થાથી શ્રીગણેશજીની ઉપાસના કરતો આવ્યો છું હવે હું તેમની ઉપાસના કરું કે ન કરું ?"

ગુરુએ હસીને ઉત્તર આપ્યો–"ભગવાન શિવજી તો શ્રીગણેશજીના પિતા છે. તેઓ પુત્ર કરતાં અનેકગણા મહાન છે. હવે તમે શ્રીગણેશજીની ઉપાસના નહિ કરો તો પણ ચાલશે."

શિષ્યના મનનું સમાધાન થઈ ગયું. તે પછી ગુરુજીની આજ્ઞા પ્રમાણે શિષ્યે શિવપુરાણનો પાઠ કરવા માંડયો.

ત્રણેક વર્ષ વીતી ગયાં.

શ્રાવણ માસ આવ્યો. નગરમાં શ્રીમદ્ ભાગવતજીનું પારાયણ આરંભાયું. સભાભવન શ્રોતાઓથી સંપૂર્ણ ભરાઈ જવા લાગ્યું. ઊભા રહેવાની જગ્યા પણ ન મળે. વકતાની સુમધુર વાણીથી શ્રોતાઓનો સમૂહ મુગ્ધ બની ડોલતો હતો. તેમાં પેલા ભાવુક ભાઈ પણ હતા જ. તેઓ વકતાના વ્યક્તિત્વથી પ્રભાવિત બની ગયા હતા.

તેમણે એક દિવસે વકતાને પ્રાર્થના કરી–"ગુરુદેવ ! હું ભૂલથી ગુરુ તો કરી બેઠો છું, પરંતુ મને તેમનામાં પૂરેપૂરી



શ્રદ્ધા નથી. કૃપા કરીને મને મંત્રદીક્ષા આપો."

ગુરુએ મંત્રદીક્ષા આપી.

વિધિ સમાપ્ત થયા પછી શિષ્યે પૂછયું–"મને એક શંકા છે. આજ્ઞા કરો તો પૂછું."

પૂછો.

હું અત્યાર સુધી ભગવાન શિવજીની ઉપાસના કરતો હતો. હવે જૂની ઉપાસના છોડી દઉં ?

હા, ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી પરબ્રહ્મ છે અને શ્રી શિવજી સગુણ બ્રહ્મ છે. તેમની સેવા કરવાની આવશ્યકતા નથી.

શિષ્યના મનનું સમાધાન થઈ ગયું. તે પછી તેમણે શ્રીમદ્‌ભાગવતજીનો પાઠ કરવા માંડ્યો.

વળી પાછાં ચાર વર્ષ વીતી ગયાં.

ત્યાં નગરમાં શકિતના એક સમર્થ ઉપાસક આવ્યા. તેમના ચમત્કારોની વાતો ચોરે ને ચૌટે ચર્ચાવા લાગી. પેલા ભાવુક ભાઈ પણ તેમની પાસે જવા લાગ્યા. તેમનાથી પૂર્ણ પ્રભાવિત થયા પછી તેમણે એક દિવસે હૈયાવરાળ ઠાલવી–"બાપુજી ! હવે તો મારી દેવ–દેવીઓ અને ધર્મશાસ્ત્રો પરથી શ્રદ્ધા જ ઊઠી ગઈ છે. છેલ્લા ઘણા વર્ષોથી મેં વિવિધ દેવોની ઉપાસના કરી, પરંતુ કોઈ દેવ–દેવીએ મને પોતાનો પરચો બતાવ્યો નથી."

શકિત ગુરુ ખડખડાટ હસી પડ્યા. બોલ્યા–"કથાકારો ગ્રંથો વાચીને કથા કરે, એ બિચારા ઉપાસનામાં શું સમજે ? એમના બતાવેલ મંત્રો અને ઉપાસના અનુભવ વિનાના."

"તો, બાપુજી ! મને દેવ પરચો આપે અને મારી શ્રદ્ધા વધે એવી કોઈ ઉપાસના શિખવાડો."–ભાવુક ભાઈ બોલ્યા.

ગુરુએ તેને શક્તિ–મંત્રની દીક્ષા આપી.

કહો, હવે એની ઉપાસના ફળે કયાંથી ? ચાલીસ ફુટ

ઊંડાણમાં રહેલ પાણીને કાઢવા, ચાર ઠેકાણે દસ દસ ફુટ ખોદવાથી પાણી થોડું નીકળે ?

અજ્ઞાનની આ સમસ્ત ભૂમિકાઓ વટાવ્યા પછી જ જ્ઞાન-ની ભૂમિકાઓનો આરંભ થાય છે.

ભક્તિ અને નિષ્કામ કર્મયોગ વિના જ્ઞાન, નિષ્કામ કર્મ-યોગ અને જ્ઞાન વિના ભક્તિ અને ભક્તિ તથા જ્ઞાન વિના નિષ્કામ કર્મયોગ નિરર્થક છે.

ત્રણેના સમન્વય વિના સાધના શકય નથી. હા, તે ત્રણ-માંથી ગમે તે એકને પ્રાધાન્ય આપી શકાય.

જેમ આદિ, મધ્ય અને અંત એક જ અખંડ વસ્તુના વિભાગ છે તેમ જ્ઞાન, ભક્તિ અને યોગ એક જ અખંડ ઉપાસનાના વિભાગ છે.

સાધનામાં માનસિક સ્થિરતા અપેક્ષિત છે. તેના વિના પ્રગતિ શકય નથી.

જ્યાં સુધી શ્રી ગુરુચરણમાં અચલ અનુરાગ અને દૃઢ વિશ્વાસ ઊપજતાં નથી તેમજ ગુરુવચનોને અનુસરવામાં સ્વકલ્યાણ રહેલું છે તેવી શ્રદ્ધા જન્મતી નથી, અર્થાત્ સાધકનું મન શ્રીગુરુની અનન્ય શરણાગતિ સ્વીકારતું નથી ત્યાં સુધી અંતરમાં હરિભક્તિ પ્રકટતી નથી, કે સ્થિર થતી નથી.

વિષયી વ્યક્તિનું વિષયાસક્ત મન નિરંતર ગુરુવિમુખ રહે છે, તેથી અધોગતિ પામે છે.

વિરક્ત વ્યક્તિનું ઇશ્વરાસક્ત મન નિરંતર ગુર્વાભિમુખ રહે છે, તેથી ઉર્ધ્વગતિ પામે છે.

માનસિક અસ્થિરતા પતન અને માનસિક સ્થિરતા ઉત્થાન છે–એટલે પોતાના મંત્રમાં, પોતાની ઇષ્ટમાં પોતાની જાતમાં ને પોતાના ગુરૂમાં શ્રદ્ધા રાખો ને ચંચળતા ત્યાગો, તોજ સાધના ફળે. બાકી ચંચળ બની અનેક ઠેકાણે ફાંફાં મારવાથી કશુંજ ફળતું નથી.



# રામાયણમાં અયન અને રામમંત્ર

(ગતાંકથી ચાલુ)

પ્રા. જનાર્દન દવે

પ્રાત : માધ્યંદિન ને સાયંકાલીન એમ દિવસ દરમ્યાનની ઉપાસનાઓ છે. તંત્ર માર્ગીય સાધના દિવસ સાથે રાત્રિની વધુ પ્રમાણમાં છે. શ્રીરામ ત્રિકાલ સંધ્યાવંદન પૂજનાદિ વૈદિક માર્ગના સાધક છે. પરંતુ શ્રીલક્ષ્મણજીની સાધના (શ્રીસીતારામ મંત્રની) રાત્રે પણ અહર્નિશ ચાલે છે. આમ રામાયણમાં નિગમ આગમ બન્ને વિચાર ધારાઓનો સમન્વય છે.

પંચવટી (સાધનાના માર્ગમાં) અવિદ્યા (શૂર્પણખા) ખર, દૂષણ, ત્રિશિરા આવ્યા તો તેનું શમન કર્યું આ પછી લંકામાં આ બન્ને સાધકો રામ લક્ષ્મણે કામ, પ્રમાદ ને મોહને માર્યા.

આમ શ્રીરામ લક્ષ્મણનું દક્ષિણાયન સાધનાની ભૂમિકા છે આ પછી શ્રીરામ દક્ષિણમાંથી ઉત્તરમાં અયોધ્યા–સિદ્ધ કોટિએ આરૂઢ થઇ રામરાજ્ય સ્થાપી શકયા.

આ રીતે પાંચ અયનો–વર્ણવી વાલ્મીકિ મહર્ષિ પોતાના ગ્રન્થને રામાયણ શીર્ષક આપે છે.

બીજી મહત્ત્વની વાત શ્રીરામ મંત્રની. કોઇપણ સ્વર કે કોઈપણ વ્યંજન બધા મંત્રાત્મકજ છે. સ્વર બધા શક્તિરૂપ, વ્યજન બધા શિવરૂપ. સૌન્દર્યલહરી આચાર્ય આદિ શંકરનું એક પ્રખ્યાત સ્તોત્ર છે એના પહેલા શ્લોકમાં કહ્યું છે શિવ શક્તિસાથે હોય ત્યારે જ ઉત્પત્તિ વગેરે કરી શકે છે. શક્તિરહિત શિવ સ્પંદન પણ કરવામાં સમર્થ નથી, આ સ્તોત્ર પર ઘણી સુંદર સ્સકૃત ટીકાઓ છે તેમાંની એકમાં આ વાત લખી છે

કે સ્વર વિનાનો વ્યંજન ખોડંગાય છે, લંગડાય છે જેમકે એકલા क्, ख्, ग् આ રીતે લંગડાતા લખાય છે પણ તેમાં अ, आ, इ ई વગેરે સ્વર ભળતાં તે પૂર્ણ બને છે, આ રીતે દરેક વર્ણ મંત્રાત્મક છે વળી દરેક વર્ણને, તેની માતૃકા દેવી, વર્ણના રંગ, વર્ણનો પ્રભાવ આ બધું છે. શારદાતિલક નામનો પ્રખ્યાત તંત્રગ્રંથ જિજ્ઞાસુઓએ વાંચવા યોગ્ય છે. આમ રામ પણ વર્ણત્રય છે તેથી મંત્રાત્મક છે. र એ વહ્નિ બીજ છે. વહ્નિ અર્થાત્ અગ્નિ બીજ. र નો જપ કરવાથી જન્માંતરોના પાપો બળે છે. अ કાર ચંદ્રબીજ છે. રામ મંત્રમાં ર કાર રામરૂપ અગ્નિરૂપ, બાળનારા છે પણ अ કાર સીતારૂપ ચંદ્રબીજ છે તે સુખ, શાંતિ, આહ્લાદ આપે છે. મ્ કાર સૂર્યબીજ છે તે પ્રકાશ, ઉષ્મા આપે છે. આમ રામ મંત્રથી પાપ દહન, ચિત્તશમન અને જ્ઞાન પ્રકાશન થાય છે. વાલ્મીકિ રામાયણના એક અન્ય વિદ્વાન વળી र ને સૂર્યબીજ, अ ને અગ્નિબીજ, ને म ને ચંદ્રબીજ માને છે પણ ટૂંકમાં આ ભેદો તો ઉપાસનાની આચાર્ય પરંપરાના છે. રામ મંત્રમાં ત્રણેબીજ છે તેમાં સૌ સંમત છે.

શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોટી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.



# "બિનુ હરિ કૃપા મિલે નહીં સંતા"

—ચિંતામણિ શાહ

પ્રથમ પૂ. યોગેશ્વરજીના દર્શન અમદાવાદ નારણપુરા મહાદેવના પટાંગણમાં; પ્રવચન સાંભળ્યા બાદ મુલાકાત માટે સમય અને સ્થળ માટે વિનતિ કરતાં પૂ. યોગેશ્વરજીએ બીજે દિવસે મણીનગરમાં સવારે આપેલ સરનામે મળવા જણાવ્યું. તે મુજબ રૂબરૂ મુલાકાત વેળાએ કેટલાક મુંઝવતા પ્રશ્નોના બાળસહજ પણે યથાર્થ જવાબો મળ્યા. મારી સાધનાને પૂ. શ્રીના આશિર્વાદ અને પ્રેરણા મળ્યાં અને મળતી રહે છે. કેટલાય પ્રસંગોએ તેમની અમૃત વાણીનો લાભ મળ્યો. તેમની મારી ઉપર ઘણીજ કૃપા દૃષ્ટિ છે તેમ હું અનુભવું છું. મારા સાંસારિક કાર્યોમાં, શારીરિક તકલીફમાં, તેઓશ્રી મદદ કરતા જ રહે છે. પૂ. સર્વેશ્વરી માનો પણ તેટલો જ મારા પ્રત્યે સ્નેહ છે અને જગતમાં સ્નેહની કડી સૌથી વડી ગણાય છે.

પાંચેક વર્ષો પૂર્વે મારા ઉપર કૌટુંબિક આફતને પ્રસંગે હું શારીરિક અને માનસિક રીતે સાવ નંખાઈ ગયો હતો. તે વખતે પૂ. યોગેશ્વરજીએ ચિંતાથી ચતુરાઈ ઘટે તેમ જણાવી બધું સારુ થશે, તેમ આશિષ આપી હતી અને શ્રદ્ધાપૂર્વક નામજપ, ધ્યાન કરવા જણાવેલ. મારી પુત્રીના વિવાહ માટે હું અમેરિકાના યુવક માટે મુંબાઈ જવા વિચારતો હતો, ત્યારે પૂ.શ્રીએ તરત જ ના પાડી. "એ યુવક બરોબર નથી. ગુજરાતમાં શોધજો." પૂ.મા પણ તે વખતે હાજર હતાં. તેમણે મને પૂછ્યું પણ ખરું કે હવે નહિ જાવને ? મેં હા પાડી, કારણ કે પૂ. યોગેશ્વરજીમાં મને પૂર્ણ શ્રદ્ધા હતી ને છે. ત્યાર બાદ કેટલાક વખત પછી મારી તે પુત્રીનું પૂ.માના દર્શન

બાદ બીજે જ દિવસે ગુજરાતમાં જ ગોઠવાઇ ગયું. બહુ સરસ રીતે ગોઠવાયું. તેમાં પૂ. યોગેશ્વરજી અને પૂ. માના આશિર્વાદોએ કામ કર્યું છે, તેમ હું દઢપણે માનું છું.

હમણાંજ થોડા દિવસ ઉપર મારી આંખનો પડદો ખસી ગયો છે એવા ડાકતરોના નિદાનથી હું ગભરાઇ ગયો. પરંતુ પૂ. યોગેશ્વરજીને યાદ કર્યા અને ઓપરેશન સારી રીતે પતી ગયું. શૂળીનો ઘા સોયથી ટળ્યો.

મારી સાધના અંગે પૂ. યોગેશ્વરજીનું માર્ગદર્શન મળતું જ રહે છે. કેટલાક પ્રશ્નો મારા મનમાં ઉદ્દભવેલ તેના જવાબ રૂપેજ એપ્રીલ ૮૬ના અધ્યાત્મના પૂ. યોગેશ્વરજીએ 'ધ્યાનનું પરિણામ અને સાધક દશા'માં મારો જવાબ મળી ગયો. એથી મને ઘણી માનસિક રાહત થઈ અને મારા મનમાં ઉઠતા સંશયો શમી ગયા.

આમ મારી આત્મિક ઉન્નતિના સહાયક ને ભૌતિક મુશ્કેલીઓમાં ભેરૂરૂપ પૂ. યોગેશ્વરજીને અને પૂ. સર્વેશ્વરીને મારા શતકોટિ વંદન.

## * સુધારો *

એપ્રિલ '૮૬ના અંકમાં સદ્દભાવભરી ભેટની બે રકમોની નોંધમાં શરત ચૂકથી પૂરી વિગત દર્શાવાઇ નથી, તો તે નીચે મુજબ છેઃ-

રૂા. ૩૨ જે હરસુખરાય પંડ્યાને નામે લખાયેલ છે, તેમાં રૂા. ૨૧, શ્રી કમલેશ મધુસુદન બારોટ, ડી. સી. ઈ.માં પ્રથમ વર્ગમાં પાસ થવાથી રૂા. ૧૧ શ્રી હિતેશકુમાર પંડ્યા તરફથી છાપાં વેચીને પ્રાપ્ત કરેલ પ્રથમ સ્વરોજગારીની કમાણીમાંથી.

રૂા. ૧૦૧ શ્રીમતી પદ્માવતી બેન ભીખુભાઈ, દેસાઇ,દાદરા-પૌત્ર જાગૃતના જન્મ નિમિત્તે.



## મન ! તું....

મન ! તું રાગ દ્વેષની ખાણ.
પરમ પ્રભુની પ્રાપ્તિ આડે
કેવડી મોટી હાણ ! ... મન ! તું....
અમથા મુખ મલકાટે મલકે,
પાંપણને પલકારે છલકે,
કમાન છટકે નાજુક છણકેઃ
ત્હારા જેવું ખલ કો ખલકે ?
માંડે લગને કાણ... મન ! તું...
સ્વર્ગ-સુખ સહજે તું સર્જે,
જહન્નમ પણ ત્હારામાં ગર્જે,
શિવ-સંકલ્પે શું ના વર્જે ?
બંધન-મુક્તિનું તું કારણ,
દેહ-ગગનનો ભાણ... મન ! તું...
પારદ-પવન થકી તું ચંચલ,
જીવ-મીન કાજે તું થાતું ગલ,
તાગી શકે વિરલા તારું છલઃ
તું ધારે તો પવન-પાવડી
અથવા મોટો પ્હાણ... મન ! તું...
મરી જા, મરી જા, મન ! તું મરીજા.
વળી જા, વળી જા, શુભમાં વળી જા.
ભળી જા, ભળી જા, પ્રભુમાં ભળી જા.
ત્હારા લયમાં પાર્થિવતા-લય
સત્ય સનાતન જાણ... મન ! તું...

ડૉ. રણજિત પટેલ
अनामी

# જયરામવાટીથી કામારપુકુર

ઇશ્વરભાઈ પરમાર્થી

જયરામવાટી તે શારદામણિદેવીનું જન્મસ્થાન અને કામારપુકુર તે રામકૃષ્ણદેવનું જન્મસ્થાન. બન્ને સ્થળો કલકત્તાથી આશરે એકસો વીસ કિલોમીટર જેટલાં દૂર છે. બંને સ્થળોએ રાત્રી રોકાણ કરવું હોય તો સરસ વ્યવસ્થા છે. બંને સ્થળો રામકૃષ્ણ મિશનના વહીવટ હેઠળ છે. તેથી આગલે દિવસે બેલૂર મઠની ઓફિસેથી શ્રી શાંતિભાઈ કનેરિયાએ અધ્યક્ષશ્રીને મળીને શારદામણિદેવીના જન્મસ્થાને રાત્રી નિવાસ કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી દીધી હતી.

સ્પેશ્યલ બસ સવારે બરાબર છ વાગે લક્ષ્મીનારાયણ મંદિરના દરવાજા આગળ આવી જતાં સહુ કોઈ યથાસ્થાને બેસી ગયાં હતાં. વચ્ચે તારકેશ્વર મહાદેવનાં દર્શન કરી પછી જયરામવાટી જવાના નિર્ધાર સાથે અમારી બસ ઉપડી હતી. કલકત્તાની બહાર અમારી બસ લક્ષ્ય તરફ વેગથી ગતિ કરી રહી હતી ત્યારે એકાએક બસ થંભી. નીચે ઉતરીને તપાસ કરી તો રસ્તો બ્લોક થઈ ગયો હતો. ખાસ્સી ચાર કિલોમીટર જેટલી ગાડીઓની કતાર લાંબી થઈ ગઇ હતી. સમય ઘણો નીકળી જાય તેમ જણાતું હતું પરંતુ માએ વિષ્ણુસહસ્ર નામનો પાઠ ચાલુ કરાવી દીધો જ હતો. અમારા સહુનું ધ્યાન પાઠમાં હતું. જેવો પાઠ પૂર્ણ થયો તેવો જ એકાએક માર્ગ મોકળો થયો અને અમારી ગાડી સહુને વટાવી આગળ નીકળી ગઈ હતી. દેખીતી રીતે જે મુશ્કેલી જણાતી હતી તે મુશ્કેલીઓ જાણે કે હટી ગઇ. તે પ્રસંગનું મૂલ્યાંકન કરવા



માટે પરમાત્માની કૃપા સિવાય અમારી પાસે અન્ય શબ્દો ન હતા.

રસ્તે તારકેશ્વર જતા યાત્રાળુઓ સારી સંખ્યામાં મળતા હતા. તેઓને ખભે કાવડ જણાતી હતી. કાવડમાં કલકત્તાથી ગંગાજલ ભરી તારકેશ્વર મહાદેવને અભિષેક કરાવવાના વ્રતનો મહિમા આ વિભાગમાં વિશેષ પ્રચલિત છે. કલકત્તાથી તારકેશ્વર લગભગ સાઠ માઇલ જેટલું દૂર થતું હશે. પગે ચાલીને વ્રતધારી યાત્રાળુઓ વચ્ચે વચ્ચે મુકામ કરી શકે તેવા સદ્હેતુથી ઠેરઠેર લોકો તરફથી કેમ્પ ઊભા કરી દેવામાં આવ્યા હતા. તારકેશ્વર મહદેવનો પ્રભાવ આ રીતે લોકમાનસ પર સારા પ્રમાણમાં જણાતો હતો.

અમે ગયા તે દિવસે તારકેશ્વરમાં મોટો મેળો હતો. ખૂબ ભીડ હતી. તેથી અમે તારકેશ્વર મહાદેવનાં ન તો દર્શન કરી શકેલાં કે ન તો અભિષેક કરી શકેલાં. કીડીની માફક માણસો ત્યાં ઊભરાતા હતા એટલે અમને અફસોસ થયો ન હતો. અમારી સાથે જીવતાં જાગતા જગદંબાનું એક જંગમ સ્વરૂપ ફરી રહ્યું હતું. તેનું ગૌરવ અમારા હૃદયમાં હતું. તેમનાં ચરણોમાં અડસઠ તીર્થ આવીને વસેલાં હતાં. તેવી અમને ખાત્રી હતી તેથી વધુ સમય ત્યાં ન રોકાતાં અમે જયરામવાટી તરફ પ્રયાણ કર્યું હતું.

જયરામવાટી અમે પહોંચ્યા ત્યારે સાંજ પડી ગઇ હતી. શ્રી શાંતિભાઈએ વ્યવસ્થા ગોઠવી હતી એટલે અમને જરા પણ અગવડ પડી નહીં. મિશનના એક અલાયદા મકાનમાં અમારો ઉતારો હતો. વાતાવરણ એકદમ શાંત હતું. નાનું સરખું ગામ. આસપાસ માઇલો સુધી ડાંગરની રોપેલી તૈયાર ક્યારીઓ. લીલી હરિયાળીનાં સુભગ દર્શન. અમારા નિવાસ-

સ્થાનની જ સામે નાનું સરખું તળાવ. તળાવને કિનારે જ એક તરફ મિશને તૈયાર કરેલું નાનું સરખું મંદિર. બીજી તરફ ગામની વસ્તી. અમે નાહી-ધોઈ બહાર નીકળ્યા ત્યારે પૂ. માને તળાવને કિનારે ધ્યાનસ્થ દશામાં બેઠેલાં જોઇ અમને પણ ત્યાં ધ્યાનમાં બેસવાનું મન થઈ આવ્યું હતું. અમારા અંતરમાં આનંદ સમાતો ન હતો.

આરતીના સમયે મંદિરમાં સહુયે ભાગ લીધો. મંદિરમાં ગ્રામજનો પણ આવ્યાં હતાં. એકભાઇએ અમને બાજુમાં જ રસ્તાની બંને તરફ શારદામણિદેવીના પિતાશ્રીનાં ઘરે બતાવ્યાં હતાં. એક જુનૂં ઘર ને એક નવું ઘર. બંને ઘરમાં શારદામણિદેવી રહયાં હતાં, તેમણે પડાવેલા ફોટાઓ પણ ત્યાં આજે નજરે પડતા હતા. વળી મંદિરની પાછળના ભાગે મિશનના અન્ય સાધુઓ રહે છે ને તેમાં શારદામણિદેવીના હાથે દિક્ષા પામેલા વૃદ્ધ સન્યાસી પણ રહે છે. તેની માહિતી મળી હતી. જમી કરી અમે તેમનાં દર્શને ગયાં હતાં. લગભગ અર્ધો કલાક વર્તાલાપ આપ્યો હતો. તેમના હ્રદયમાં શારદામણિદેવીના માટે અનન્ય પ્રકારનો શ્રદ્ધાભક્તિ ભર્યો ભાવ ઉછાળા માર્યા કરતો હતો. તેની પ્રતીતિ તેમના હાવભાવ પરથી અમને થતી હતી. સમય થતાં બધાં ઉઠીને વિદાય થયાં. હું છેલ્લે ઊભો થયો હતો ને ત્યારે તેમને પૂ. મા સર્વેશ્વરીનો મેં પાંચ મિનિટમાં પરિચય આવ્યો હતો. પૂ. માના લાંબા ઉપવાસોની કથનીથી તેમને અપાર આનંદ થયો હતો અને તેમણે સવારે તેમનાં દર્શન કરવાની મારી પાસે માંગણી મૂકી હતી.

પરંતુ પૂ. માને આ હકીકતનું નિવેદન કરૂં તે પહેલાં માએ ઉતારા પર આવીને પ્રાર્થનાસભાનો પ્રારંભ કરી દીધો હતો. પ્રાર્થના પૂર્ણ થતાં તેમણે સવારે વહેલા ઉઠી જય-



રામવાટીથી કામારપુકુર પગપાળા સંકીર્તન કરતા કરતા જવાની જાહેરાત કરી દીધી હતી. અહીંથી કામારપુકુર લગભગ સાત કીલોમીટર દૂર હતું. એટલે આવતા–જતા કુલ ૧૪ કીલો-મીટરનો પગપાળા પ્રવાસ કરવાનો પૂ. માનો નિર્ણય સાંભળી અમારું ભોગપ્રિય ને આરામપ્રિય મન જરા નિરાશ પણ થયેલું. બહાના શોધવામાં અમારું મન પ્રવીણ હતું. થોડો સમય તો યાત્રામાં ન જોડાવાનો નિર્ણય પણ કરી દીધેલો. પરંતુ અંતરમાં સંદભાવના હતી તેણે તે નિર્ણયની જાહેરાત ન કરવા દીધી હતી. સૂતી વખતે પૂ. માની આજ્ઞાનો અનાદર ન કરવો ને સૌથી પહેલાં પગપાળા પ્રવાસમાં તૈયાર થઈ જોડાઈ જવાના વિચારો વાગોળતો વાગોળતો નિદ્રાધીન થઇ ગયો હતો. સવારે ઉઠ્યા ત્યારે મન ઉત્સાહિત હતું ને વિના આનાકાનીએ પ્રવાસમાં જોડાઇ ગયું હતું.

ખરેખર એ યાત્રા અદ્ભૂત હતી. અમારા જીવન પર તે ઊંડી ને ઘેરી છાપ મૂકી ગઇ છે. ડગલે ને પગલે તે યાદ આવ્યા વિના રહેશે નહીં. સંકીર્તન અને પૂ. માના અદ્ભુત સ્વરૂપનાં દર્શન તે આ પગપાળા યાત્રાના ચિરસ્મરણીય લક્ષણો હતાં. સંકીર્તનને લીધે આસપાસની પ્રજાનું ધ્યાન અમારા તરફ જતું હતું. બલ્કે કેટલાંક લોકો તો પોતાની પ્રવૃત્તિ છોડી અમારા સંકીર્તનને અને અમારા ઉમંગને જોઇને નવાય પામતા હતા. એકવીસમી સદીને આરે ઉભેલાને સંકીર્તન જરૂર આશ્ચર્ય પમાડે. ઈશ્વરનોજ છેદ ઉડાવી દેવામાં આવતો હોય તેવે સમયે તેને પ્રાપ્ત કરવાના સંકીર્તનના માધ્યમના ઉત્કૃષ્ટ સ્વરૂપને નીરખીને લોકોના હ્રદયમાં અવ-નવીન ભાવો જાગે તે સ્વાભાવિક હતું. છતાં જે રીતે ને જે ભાવે સંકીર્તન થતું હતું અને જે રીતે અનન્ય પ્રકારનો ઉત્સાહ

અભિવ્યક્ત થતો હતો તે કોઈપણ અશ્રધ્ધાળુને આકર્ષણ જન્માવે તેવો હતો. આ રીતે જો ગુજરાત સુધી યાત્રા કરવામાં આવે તો તેનું પરિણામ અદ્દભુત આવે તેવો વિશ્વાસ પેદા થતો હતો. ચૈતન્ય મહાપ્રભુને યાદ અપાવે તેવું તે સંકીર્તન થતું હતું. જાણે કે સંકીર્તનની હેલી મચતી હતી. પૂ. માનો મહાભાવ તેમના વર્તનમાં, વિશિષ્ટ પ્રકારના લ્હેકાઓમાં અને તેમના કંઠમાંથી નીકળતા સૂરીલા સૂરમાં ઝગારા માર્યા કરતો હતો. આટલા લાંબા ઉપવાસ પછી પણ માની શક્તિ જે રીતે વ્યકત થતી હતી તે કોઈને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવી હતી.

છતાં અમારી તે યાત્રાના પ્રારંભથી એક મુસીબત નડતરરૂપ થવા પ્રયત્ન કરતી હતી. જો કે તે તરફ સહુનું ધ્યાન ન હતું. મારી ઝડપ ઓછી હોવાથી મારું ધ્યાન તે તરફ વધારે જતું હતું. અમેરિકાથી આવેલા શ્રી વિનોદભાઈની સાત આઠ વર્ષની છોકરી મનીષાને પેટમાં ખૂબ દુખવાનું ચાલુ થઈ ગયું હતું. તે રડ્યા જ કરતી હતી. તેથી વિનોદભાઇ અને તેમના ધર્મપત્ની સરોજબેન સંકીર્તનમાં બરાબર ભાગ લઇ શકતાં ન હતાં. પૂ. માની કરુણા એ તરફ પ્રવાહિત થઈ. પૂ. માએ મનીષાને સાકરનો એક નાનો કટકો ખવડાવી પ્રસન્ન બનાવી દીધી હતી. ક્ષણમાં તેનું દુઃખ કયાં ગયું હશે ?

જોતજોતામાં તો કામારપુકુર આવી ગયું. આગલે દિવસે બસને ઊભી રાખી અમે બધાએ શ્રી શાંતિભાઇ કનેરિયાના સૂચન પ્રમાણે સ્થળનાં દર્શન સારી રીતે કરી લીધાં હતાં. જો કે ત્યારે આશ્રમનું સ્થાન બંધ હતું. છતાં રામકૃષ્ણદેવના બાળપણના પ્રસંગોને યાદ કરી કેટલાક સ્થળોએ અમે ગયા



હતા અને તે જમાનાની શાળા, તેમણે કરેલા નાટકી અભિનયોની જગ્યાઓ અને તેમને ગમતા મંદિરનાં દર્શન કરી આનંદ અનુભવ્યો હતો. આજે તો અમારે આશ્રમના સ્થળનું જ દર્શન કરવાનું હતું. આશ્રમમાં સુંદર મંદિર છે. તેમાં રામકૃષ્ણદેવની સુંદર પ્રતિમા છે. ત્યાં અમે થોડું ધ્યાન કર્યું હતું. ત્યારપછી રામકૃષ્ણદેવની કુટિર જોઇ હતી. બાળપણની કેટલીક યાદગીરી ત્યાં સંગ્રહિત કરવામાં આવી હતી. ત્યાર પછી અમે હોલમાં બેસી ભજન–પ્રાર્થના કર્યાં હતાં. એક કલાક તો જરામાં વ્યતીત થઈ ગયો લાગ્યો હતો.

વળી પાછા જયરામવાટી જવા અમારો સંઘ રસ્તાપર ધૂન ગાતો ગાતો પસાર થતો હતો. ત્યારે પૂ. માએ મને તેમની સાહજિક દશાનું વર્ણન કરતાં કહ્યું હતું કે "માંડ માંડ જાગૃતિ રાખી રહી છું. સહેજ માંજ દેહભાન જતું રહે તેવું લાગ્યા કરે છે." આવું કહેતાં હતાં ત્યારે બાજુમાંથી એક રીક્ષાવાળો પસાર થતો હતો. તેને ઉભો રાખી પૂ. માએ મને અંદર બેસી જવાની આજ્ઞા કરી. મેં હરીશભાઇ સંગાથે આવે તો ઠીક એવી દરખાસ્ત મૂકી હતી. હરીશભાઇએ તૈયારી બતાવી કે તરત જ અમે બંને રીક્ષામાં બેસીને જયરામવાટી ચાલ્યા ગયા હતા.

પરંતુ એ અમારું મહાન દુર્ભાગ્ય હતું. કામારપુકુરથી જયરામવાટી આવતાં જે સંકીર્તનનું ઉત્કૃષ્ટ સ્વરૂપ પ્રકટ થયું હતું; માએ દેહભાન ગુમાવ્યું હતું ને તે છતાં મા આગળ મુદ્રાઓથી ને લ્હેકાઓથી નર્તન કરતાં હતાં, તે અલૌકિક સ્વરૂપનાં દર્શન અમે નહોતા કરી શકયા તે માટે ખૂબ પસ્તાવો થયો હતો. પૂ. માએ મને તેમની દશા કહી સંભળાવી ચેતવણી તો આપી હતી. પરંતુ મોજમજામાં

લપટુ બનેલું મન એ ઇશારો ન સમજી શક્યું હતું. મને મારી એવી જડતા માટે ધિક્કાર થયો હતો. તે રંજની વેદના હજી પણ હું અનુભવું છું.

જયરામવાટી આવીને શ્રી શાંતિભાઇએ વર્ણન કરતાં કહ્યું હતું કે માની એટલી બધી ઝડપ હતી કે માને પકડવા બધાયે જોરથી દોડવું પડતું હતું. માના પગે કાંટા વાગ્યા હતા, કપચા વાગ્યા હતા. છતાં માને તેનું ભાન ન હતું. મા સંકીર્તનમાં લય પામી ગયાં હતાં. છેલ્લે વરસાદે મહેર કરીને સહુનો થાક જાણે કે ઉતારી દીધો હતો.

અને સમય થતાં અમારો સંઘ બસમાં ગોઠવાઇ ગયો હતો.

જેના ચિત્તમાં તરંગો ઊઠયા જ કરે છે, તે સત્યનાં દર્શન કેમ કરી શકે ? ચિત્તમાં તરંગો ઊઠવા એ સમુદ્રના તોફાન જેવું છે. તોફાનમાં જે સુકાની સુકાન પર કાબૂ રાખી શકે છે, તે સહીસલામત રહે છે. તેવી જ રીતે ચિત્તની અશાંતિમાં જે રામનામનો આશ્રય લે છે, તે જીતી જાય છે.

મિથ્યા જ્ઞાનથી આપણે હંમેશા ડરતા રહેવું. જે જ્ઞાન આપણને સત્યથી દૂર રાખે છે અથવા દૂર લઇ જાય છે તે મિથ્યાજ્ઞાન છે.



# પ્રશ્નોત્તરી

સંકલન : ઈશ્વરભાઈ શાહ

[ પ. પૂ સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી ]

(૧) અધ્યાત્મ એટલે શું ?

અધ્યાત્મ એટલે આત્મા તરફ. આત્મ તરફનો પ્રવાસ એજ અધ્યાત્મ.

(૨) પ્રવાસ કેટલા છે ?

પ્રવાસ ખાસ બે જ છે. એક અધ્યાત્મ તરફ જયારે બીજો ભૌતિકતા તરફ.

(૩) ભૌતિક પ્રવાસ એટલે શું ?

પ્રકૃતિ તરફ પ્રવાસ–સંસાર કે શરીરના તરફનો પ્રવાસ.

(૪) અધ્યાત્મના પ્રવાસમાં યાત્રી કોણ હોય છે ?

જેનામાં જિજ્ઞાસા જાગી છે કે આ સૃષ્ટિ શું છે, કોણે ઉત્પન્ન કરી, કરનાર કયાં છે, હુ કોણ છું, શરીર શું છે વગેરે, આવો જિજ્ઞાસુ હોય છે તે સાધક છે અને આવાની સાધના હોય છે અધ્યાત્મ તરફ.

(૫) ભૌતિક પ્રવાસમાં યાત્રી કોણ હોય છે ?

સંસારી–જેનામાં શરીર પ્રત્યે આસક્તિ છે અને સંસાર પ્રત્યે કામના છે. ખાવું, પીવું અને મજા કરવાજ આ દેહ મળ્યો છે. માટે દેવું કરીને પણ ભોગો ભોગવો. જેને શરીર સાથે તાદાત્મ્યતા–મમતા–કામના છે આવાને સંસારી કહે છે. માનવ તેને કહે છે જેનામાં મન મુખ્ય છે. મન પોતે અભાવ છે, જયારે સંસાર ભાવ છે. આવો માનવ સદા અભાવમાં અશાંત રહે છે. આવો કર્મને પ્રધાનતા આપે છે વળી દરેક કર્મ

પોતાના સ્વાર્થ માટે કરી રોજ બંધાતો જાય છે. અને જન્મ-મરણના ચક્કરમાં પડી ઉદ્‌ભીજ, અંડજ, સ્વેદજ, જરાયુજ દેહો મેળવી દુઃખી થાય છે.

(૬) ભૌતિક પ્રવાસમાં કોણ લઈ જાય છે ?

પૂર્વ જન્મના સંસ્કારો-વાસના. તમે પૂર્વ જન્મે જે જે કર્મો કરેલ, તેની પ્રતિક્રિયાના સંસ્કારો તમારા ચિત્તમાં છે, જે આ જન્મે ઉખળે છે. આમાં કોઈ પુરૂષાર્થની-સાધનાની જરૂર નથી. આ માર્ગ અધોગતિનો છે. જ્યારે આત્માનો માર્ગ ઉર્ધ્વગતિનો છે. જેથી સાધનાની જરૂર પડે છે. અધોગતિમાં જન્મ-મરણ છે જેથી ભૌતિક છે. ઉર્ધ્વગતિ પોતાના સ્વરૂપ આત્મા તરફ છે. જેથી આ માર્ગ અધ્યાત્મ છે. આત્મા તરફ, જ્ઞાન તરફ.

(૭) આ અધ્યાત્મ અને ભૌતિક ખરેખર છે શું ?

અધ્યાત્મ યોગ છે, જ્યારે ભૌતિક ભોગ છે. આ કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ શબ્દમાં બે શબ્દો છે. દાખલા તરીકે કર્મ+યોગ, જ્ઞાન+યોગ, ભક્તિ+યોગ. હવે કર્મયોગમાં સાધક પોતાનાં બધાં કર્મો જગતના હિત માટે કરે તો તેવા સાધકને પરમાત્મા સાથે યોગ થાય. જ્ઞાનયોગમાં જ્ઞાનનો ઉપયોગ માત્ર પોતા માટે થાય તો યોગ પરમાત્મા સાથે થાય. ભક્તિયોગમાં પ્રેમ ઈશ્વર માટે થાય તો યોગ પરમાત્મા સાથે થાય. ટૂંકામાં યોગ આત્મા છે જ્યારે ભોગ પ્રકૃતિ છે. આ બધું અસ્તિત્વ આત્મા-પરમાત્માનો વિલાસ છે. જેમ તરંગ-દરીઓ માત્ર જલનો વિલાસ છે. આ તમે આપમેળે તથા ગ્રન્થોથી નહિ સમજો. આ જ્ઞાન ગુરુગમ્ય છે.

(૮) ગુરુ કયાંથી ગોતવા ?

તમે જ્યારે સાધક બની સાધના કરો છો. જ્યારે તમારા



ગયા જન્મના સંસ્કારોના બળે, તેમજ તમારામાં સાત્વિક સંસ્કારના પ્રભાવે, કોઈ સત્કર્મ જોવાથી, કથા શ્રવણથી મુમુક્ષુતા જાગે છે જે ગુરુને ખેંચી લાવે છે. ગોતવા જવાના નથી. સંયોગ થઈ જાય છે.

(૯) અધ્યાત્મ જ્ઞાન માટે પ્રથમ શું કરવું ?

ચિત્ત શુદ્ધિની ખાસ જરૂર છે. આ ઉપાસના છે. ઉપાસના ત્રણ કક્ષાએ ચાલે છે. સ્થૂલ-સૂક્ષ્મ-કારણ (અવ્યકત) ઇન્દ્રિય કક્ષા, મન કક્ષા, અને બુદ્ધિ કક્ષા. આનું નામ છે ભૂઃ ભુવઃ અને સ્વઃ. સ્વકક્ષા એટલે બુદ્ધિ કક્ષા. સૂર્ય વિશ્વ આત્મા છે. વિશ્વને પ્રકાશ આપનાર જેમ સૂર્ય, તેમ આપણને પ્રકાશ આપનાર બુદ્ધિ. આ કારણે ગાયત્રી મંત્રમાં સૂર્યને અર્ઘ્ય અપાય છે કે "ધિયો યો નઃ પ્રચોદયાત્"આ ઉપાસનાને સવિત ઉપાસના એટલે પરમાત્માની ઉપાસના છે. આત્માનો સીધો જો કોઈ પ્રતિનિધિ હોય તો તે સૂર્ય છે. આ સૂર્યની પ્રતિનિધિ આપણા શરીરમાં બુદ્ધિ છે. હાલ તમારી બુદ્ધિમાં જે પ્રકાશ છે તે સૂર્યનો છે. તમારે બુદ્ધિમાં લાવવો છે પરમાત્મા જે સવિતૃ છે તેનો પ્રકાશ. જેથી ગાયત્રી મંત્ર છે. આ ગાયત્રી મંત્રથી તમે પ્રાર્થના કરો છો કે પરમાત્માનો જે પ્રકાશ સૂર્યમાં છે તે તમારી બુદ્ધિમાં પ્રસરે એટલે તારા પ્રકાશની ઝંખના છે.

સૂર્ય દેવ છે, પ્રકાશ તે દેવતા છે, અને સૂર્યને પ્રકાશ આપનાર દૈવત છે. આ દેવ, દેવતા અને દૈવતની ત્રિપુટી તે છે આ વિશ્વ. દૈવત આંખથી દેખાતો નથી તો પૂજવા કેમ ? તો પૂજા તેની શક્તિને. હવે શક્તિ પણ અવ્યકત છે, શક્તિનું કાર્ય દેખાય છે તો કાર્યદ્વારા શક્તિને જાણો અને જેની શક્તિ છે તે શકતને પીછાનો. આ શકત અને શક્તિ બન્ને

અવ્યક્ત પણ તેનું કાર્ય શરીર–બ્રહ્માંડ દેખાય છે.

(૧૦) આ શકિત શું છે?

આ શકિત મૂળ-પ્રકૃતિ છે. આને માયા, જોગમાયા, જગદંબા કહેવાય છે. બ્રહ્માથી કીડી સુધી તેનાથી બન્યા છે, જેથી જગતની જનની કહેવાય છે. જગતનું મૂળ મૂળ-પ્રકૃતિ છે. અને આ મૂળ-પ્રકૃતિનું મૂળ પરમાત્મા છે. આ મૂળ-પ્રકૃતિ એટલે પાંચ ભૂતો–મન-બુદ્ધિ–અહંકાર આઠ તત્ત્વ છે.

આ પાંચભૂતો વિશ્વમાં દેવ અને શરીરમાં તેની શકિત તે દેવતા. આ બધાને નિયમમાં રાખનાર, સૂર્યના ઉદય–અસ્તનું નિયમન કરનાર, એક પરમાત્મ-તત્ત્વ છે. આવો વિચાર આવે તો પરમાત્મભાવ જાગે. દેવ કોઈ સ્વતંત્ર નથી પણ સ્વતંત્રને આધીન જરૂર છે. અખિલ ઉત્પત્તિ પરતંત્ર જ્યારે સ્વતંત્ર એક પરમાત્મા. આ છે બધાનું દૈવત.

(૧૧) માનવ હાલ જે જે વર્તન કરે છે તેનું કારણ કોણ છે?

સંસ્કારો પ્રમાણે વર્તન થાય છે. વર્તન સંસ્કારોને આધીન છે.

(૧૨) આ શરીરની ઉત્પતિ તેમજ સૃષ્ટિની ઉત્પત્તિ શું છે?

શરીર ત્રણ છે. બહાર દેખાય છે તે સ્થૂલ શરીર. હવે જે નજરે પડતું નથી પણ જે અંદર છે તે અંતઃશરીર જેનું નામ સૂક્ષ્મ-શરીર છે. આને અંતઃકરણ પણ કહે છે કરણ એટલે સાધન. અંતઃકરણના સાધન, મન–બુદ્ધિ–ચિત્ત અને અહંકાર છે. દરેકનાં કાર્યો જુદાં જુદાં છે. અંતઃકરણના સાથીદારોમાં પાંચ જ્ઞાન-ઈંદ્રિયો, પાંચ કર્મ-ઇન્દ્રિયો, પાંચ પ્રાણ છે. પંચભૂતનું શરીર તેમાં અંતઃકરણના ચાર દ્રવ્યો, દસ ઇન્દ્રિયો, પાંચ પ્રાણ. આમ ૨૪ તત્ત્વોનું આ શરીર.



હવે ત્રીજુ કારણ શરીર છે. કારણ શરીર એટલા માટે કહેવાય છે કે તે શરીર ધારણ કરવામાં કારણભૂત તત્ત્વ જે ક્રિયાશીલ છે તેને કારણ કહે છે. કારણ એટલે અજ્ઞાન. અજ્ઞાન મૂળ જે સ્વયં જ્ઞાન છે તેનાથી ઉલટું જ્ઞાન. આમ અજ્ઞાન પણ જ્ઞાન જ છે પણ પ્રકૃતિનું જ્ઞાન છે.

શરીરોનો સમુહ તે છે સંસાર. જેથી સંસારની ઉત્પતિને પ્રકૃતિ કહે છે. પ્રકૃતિ જડ છે. જેથી પ્રકૃતિ સાથે જોડાયેલું જ્ઞાન પણ જડ છે. ચેતનના પ્રવેશથી પ્રકૃતિ ઝળહળે છે. આ જડ-ચેતનનો સંઘાત તેને કાર્યકારી રાખે છે. સત્વ-રજ-તમ ત્રણ ગુણો. આ ત્રણ ગુણોના મિશ્રણથી જે ઉભી થઇ તે આ બધી સૃષ્ટિ. આ જડ-ચેતનનો સંયોગ ક્યારે થયો તે કોઈ કહી શકે નહિ. માટે તે અનાદિ છે. આમાં ચેતનને પુરૂષ સંજ્ઞા આપી અને જડને પ્રકૃતિ સંજ્ઞા આપી. પુરૂષ જેમાં પેઠા તેને પુરી (શરીર) સંજ્ઞા આપી.

જે સર્જાયુ તે સર્જન. આને ગતિશીલ રાખવા જ્ઞાન અને ક્રિયા આપ્યાં. પરમાત્મા જ્ઞાન સ્વરૂપ છે. ચૈતન્ય એટલેજ જ્ઞાન અને જ્ઞાન પ્રકાશ–ક્રિયા પ્રકૃતિ છે.

હવે સૃષ્ટિના સર્જક પરમાત્મા તે મૂળ જ્ઞાન, સ્વયં જ્ઞાન, નિજજ્ઞાન છે. સૃષ્ટિને ચાલતી રાખવા જે જ્ઞાન રેડાયું તે અજ્ઞાન કીધું. જ્ઞાન ખરૂં પણ સૃષ્ટિ પુરતુ મર્યાદિત, સર્જનના જ્ઞાનનું સૂચન તો મળે જ છે. પણ આ પકડી પાડી અમલ કરનાર કોઇ વિરલોજ હોય છે.

અજ્ઞાનનું ક્ષેત્ર આ જગત. તેમાં તમે આવી પડ્યા, તેનું કારણ પણ અજ્ઞાન. અજ્ઞાનના ક્ષેત્રમાં જન્મ લીધો. અજ્ઞાનનું કારણ શરીર અને અજ્ઞાનજ તેનું કારણ.

(૧૩) આત્મા શું છે?

આત્મા સત્ છે, જ્ઞાન છે, ચેતન છે, અવિનાશી છે, મલ-વિક્ષેપ આવરણ રહિત છે, વિકાર રહિત છે, સહજ છે, આનંદ સ્વરૂપ છે, પરમાત્માનો અંશ છે, પ્રકૃતિથી પર છે, ગુણાતીત છે, રૂપ–રંગ–નામ નથી, અક્રિય છે, નિરામય છે, સ્થિર છે, બધાનો પ્રકાશક તથા આધાર છે, બધા કારણોનું કારણ છે, તેનું કોઈ કારણ નથી, બધાજ દશ્યોનો દષ્ટા છે, બધે છે, બધામાં છે, સદા છે, બધી વસ્તુમાં છે. આ તમે પોતે છો. જે જે હું હું કરે છે તે "હું" આત્મા છે.

(૧૪) જીવાત્મા શું છે?

આ જીવાત્મા જગત નથી. કારણ કે જીવાત્માની પ્રતીતિ નથી. જ્યારે જગતની પ્રતીતિ છે. આ જીવાત્મા પરમાત્મા પણ નથી. કારણ કે પરમાત્માની પ્રાપ્તિ છે. જ્યારે જીવાત્માની પ્રાપ્તિ નથી. જીવાત્માનો માત્ર ભાસ છે. જગતની કામના જેનામાં છે અને પરમાત્માની જિજ્ઞાસા જેનામાં છે તે છે અહમ્–ભાવ આ અહમ ભાવ જીવાત્મા છે. ચેતન તત્ત્વે એક માન્યતા કરી કે "હું શરીર છુ" આ "હું" તે છે જીવાત્મા. પછી બીજી માન્યતા કરી કે "શરીર મારૂં છે" પછી ત્રીજી માન્યતા કરી કે "શરીર મારા માટે છે." આ કારણે જીવાત્મામાં તાદાત્મ્યતા–મમતા-કામના છે. મૂળ માન્યતા કરનાર ચેતન છે. જે પરમાત્માનો અંશ છે. જેથી આ જીવાત્માનું લક્ષ્ય સદા પરમાત્મા પ્રાપ્તિનું છે. મૂળ તો માન્યતા કરનાર પોતે ચેતન છે જેથી પ્રીતિ છે. આ પ્રીતિ પ્રિયતમની છે જેથી જીવાત્માને ભલે તમામ પ્રકારનું ભૌતિક સુખ હશે, છતાં શાંતિ નહિ હોય, કાંઇક ખૂટે છે તેવું સદા થયા કરશે, કારણ કે જીવાત્મા મૂળ તો પરમાત્માનો અંશ છે. માત્ર ખોટી માન્યતાને કારણે દીન-હીન–પરાધીન બન્યો છે.



આ અહમ્–ભાવ (જીવાત્મા) અનેક સ્વીકૃતિઓ કરે છે, જેવી કે આ મારૂં નામ, અમારા મા બાપ, આ મારા ભાઈ–બેન, આ મારી પત્નિ, આ મારો પતિ, આ મારો દીકરો–દીકરી, આ મારો સંપ્રદાય, આ મારી જ્ઞાતિ, આ મારૂ નામ, આ મારો દેશ, આ મારો બંગલો, હું ડોકટર, હું ભગત, હું સાધક આવી હજારો, લાખો સ્વીકૃતિઓ કરી જીવાત્મા જે અહમ્–ભાવ માત્ર છે તે પોતાનું એક "વ્યક્તિત્વ" ઉભુ કરે છે. આ વ્યકિતત્વ જીવાત્મા છે. જે પોતાને "હું હુ" કરે છે આ "હુ" માં જ્ઞાન છે અને ક્રિયા પણ છે, પરંતુ તે પ્રકૃતિનાં છે. પ્રકૃતિ પોતે મૂળ જ્ઞાનના આશ્રયે છે.

જીવલોકમાં પ્રકૃતિમાં વ્યષ્ટિરૂપ જીવ કહેવાયો. આ જીવે શરીરનો આંચલો ઓઢી, શરીરની ઉપાધિ વહોરી, જીવ ભાવે હું આત્માજ સર્વત્ર વિચરે છે. આ જીવ બીજુ કાંઇજ નથી, પણ પરમાત્માનો અંશ છે. પરમ તત્ત્વને એકમાંથી અનેક થવાની ઇચ્છા થઈ સંકલ્પ કર્યો અને સર્જન ખડું થયું. જે જે અસ્તિત્વમાં છે તેવાં "હુ" જ છે. ભાવ પ્રમાણે વર્તન કરે છે. આ વર્તન કરે છે તે અહમ્ભાવ, કર્તૃત્વ ભોકતૃત્વ સાથે અહમ્ભાવ સંકળાયેલો છે. ભોગવવા કાંઇક મેળવવું જોઇએ અને મેળવવા કંઇક કરવું જોઇએ. તો ત્યાં કર્તાભાવ પેદા થયો. હવે જે જે કરવાથી મેળવ્યું તેને મારૂં મારૂં કરવા લાગ્યો. તો અહીં મમત્વ ભાવ આવ્યો. આમ "હુ" અને "મારૂ" આ કારણે સંસારચક્ર ચાલ્યું. જ્યાં ચાલે છે ત્યાં "હુ હું" નો હુંકારજ સંભળાય છે.

શરીર અને શરીરી જુદા છે. હુંથી હું શરીર નથી બોલતો પણ "આ" શરીર બોલો છો. શરીરને "તે" કહો છો. આ

બંને સામા સામા ઉભા હોય તો એક "હું" જ્યારે સામો "તું" પરંતુ બંને વચ્ચે વાણી વ્યવહાર ચાલશે તેમાં બંને પોતાને તો "હું" જ કહેશે. બન્ને છે જુદા પણ બોલવામાં તો "હું" થીજ બોલે છે. આ ઉપરથી સાબીત થયું કે "હું" બંનેયમાં સામાન્ય (common) છે. આ સામાન્યને શોધવાની જે વાત છે તે "હું" કોણ ? આ સામાન્ય "હું" છે જગતની કામના અને પોતાના સ્વરૂપની જિજ્ઞાસા તેમજ તેનું લક્ષ્ય છે પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ.

ટુંકમાં વિશ્વ વ્યાપી ચૈતન્ય તે પરમાત્મા, વ્યષ્ટિ ચૈતન્ય તે આત્મા, વ્યષ્ટિ ચૈતન્યની માન્યતા તે જીવાત્મા, (૧૫) આપણે આત્મા છીએ, શરીર પ્રકૃતિ છે, અને જીવાત્મા અહમ્ભાવ છે તો આમાં બંધન કોને છે કે જે સદા મુક્ત થવા ચાહે છે ?

આત્માને બંધન નથી. પ્રકૃતિ જડ છે, જેથી બંધનમુક્તિ શું તે તેને ખબર નથી. જીવાત્માને બંધન છે કારણ કે તેણે પોતાને શરીર માનેલ છે. શરીર મારૂં માનેલ છે. અને શરીરને મારા માટે માનેલ છે. જીવાત્માએ પોતાના નિજજ્ઞાનનો આદર ન કરતાં આવી ખોટી માન્યતા કરેલ છે. માનેલ જલ્દી મટતું નથી. આ ખોટી માન્યતાને કારણે તે બંધનમાં છે. તેમ તેને લાગે છે. જેથી મુક્ત થવા તે ઈચ્છે છે.

(૧૬) આ બંધન ખરેખર છે શું ?

તમે મૂળ આત્મા છો. પણ જ્યારે પ્રકૃતિ સાથે સંબંધ થયો તો બન્યા પ્રકૃતિના પિંડ. આ પિંડને પ્રકૃતિનું જ્ઞાન છે. મૂળ જ્ઞાન નથી, પ્રકૃતિ જડ છે અને જડમાં જ અને જડનું જ્ઞાન છે. આ જડજ્ઞાનમાં મૂળજ્ઞાન તો પ્રકાશિત છે. પણ જેમાં જે ભર્યું હોય તે પ્રકાશે. જડમાંથી છુટવા જડજ્ઞાન છે તે કામ



ન આવે. પણ જડજ્ઞાનને તેમજ જડ પ્રાણી પદાર્થોને જે પ્રકાશિત કરે છે તે ચૈતન્ય જ્ઞાન કામ આવે. આ ચૈતન્ય જ્ઞાન તે છે નિજજ્ઞાન. આ નિજજ્ઞાનનું ભાન થાય ત્યારે જ્ઞાન શું તે સમજાય. સમજાશે આ આત્મજ્ઞાનથી કે સત્ શું, અસત્ શું, જડ શું અને ચૈતન્ય શું. આ પછી જડ જે અસત્ છે તેમ દૃઢ થશે અને સત્ જે હાજર છે તેનાથી અભિન્ન થશે. અહમ્ભાવ જશે. કારણ કે અહમ્ભાવ તાદાત્મ્યતા મમતા કામના ઉપર જીવતો હતો "હું શરીર છુ" તે તાદાત્મ્યતા જતાં મમતા જશે અને મમતા જતાં કામના જશે. પછી બંધન નથી, જેથી મુક્તની વાત નહિ હોય.

સત્યનાં દર્શન અહિંસા વગર થઈ જ ન શકે તેથી કહ્યું છે કે અહિંસા પરમો ધર્મ.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૨
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ-૨

# પ્રકાશના પંથે

સં-પરમાર્થી

## કુંભમેળો માતાજીની માંદગી

એ વરસે હરિદ્વારમાં કુંભમેળો હતો. ચૈત્ર વદી અગિયારસને દિવસે છેલ્લું સ્નાનનું પર્વ હતું. તે સમયે ત્યાં પહોંચી જવા વિચાર હતો. સાથે સાબરમતીના ત્રણેક ભાઈઓ આવવાના હતા. એ માટે અમે ચૈત્ર વદી સાતમ-આઠમે વડોદરાથી પ્રસ્થાન કરવાનું નક્કી કર્યું હતું. પ્રસ્થાન કરવાની છેલ્લી સાંજે એક પ્રસંગ બન્યો. વડોદરાના એક પ્રતિષ્ઠિત વકીલ પોતાના કામે આવ્યા. વકીલશ્રીને મારો પરિચય પહેલાં પણ એકવાર થઈ ચૂક્યો હતો. તેમની સાથે કેટલીક ધાર્મિક ચર્ચા થતી. તે પોતે યોગીરાજ અરવિંદના ભક્ત ને પ્રશંસક હોવાથી તેમણે મને અરવિંદ વિશે પૂછ્યું, 'તમે અરવિંદ વિશે શું માનો છો?

મેં કહ્યું, 'અરવિંદ એક મહાન પુરુષ ને યોગી છે. એથી વધારે એમના વિશે શું કહી શકાય? તે સંસારના સમર્થ ચિંતક ને તત્ત્વજ્ઞ છે.'

'એ તો બરાબર' તે બોલ્યા, 'પણ તમને એમ નથી લાગતું કે તમે કહો છો તેવું વ્યક્તિત્વ શ્રી અરવિંદનું છે? ભારતને દોરવા તે બહાર આવશે એમ તમે નથી માનતા?'

મેં કહ્યું, 'તેમની સાધના વિશે કૈં નક્કર અભિપ્રાય આપવો મુશ્કેલ છે, કેમકે તે વધારે ભાગે અજ્ઞાત છે. તે વિશે આપણને કડીબંધ સામગ્રી નથી મળતી. છતાં પણ એટલું જરૂર કહી શકાય કે આટલાં વર્ષોના એકાંતવાસ ને



પરિશ્રમ દ્વારા તેમણે ઘણી વસ્તુઓ સિદ્ધ કરી હશે. પરંતુ શ્રી અરવિંદ બહાર આવીને ભારત કે સંસારને દોરી શકશે એમ મને લાગતું નથી. આ વસ્તુ હું મારા અનુભવ ને આંતરપ્રેરણાના બળ પર વિશ્વાસ રાખીને કહી રહ્યો છું. ભારતને એક મહાન વિભૂતિ સાંપડશે એ નક્કી છે, પણ તે બિલકુલ નવી જ હશે. વર્તમાન પત્રોની દુનિયા કે પ્રસિદ્ધિ દ્વારા જગત જેને પહેલેથી જાણતું ન હોય. આ વિભૂતિ યુવાન હશે. મોટી ઉંમરની કે વૃદ્ધ નહીં હોય. કારણકે લાંબા સમય સુધી તે દેશ ને દુનિયા પર પ્રભાવ પાડી શકે તે જરૂરનું છે.'

વકીલને મારું વક્તવ્ય રુચિકર ન લાગ્યું. તેમનો શ્રી અરવિંદ વિશેનો વિશ્વાસ અફર હતો. તે કહેવા માંડ્યા, 'મને લાગે છે કે હવે વધુમાં વધુ પાંચ વરસમાં શ્રી અરવિંદનો યુગ આવવાનો છે. અરવિંદ બહાર આવશે એમ તેમના નજીકના શિષ્યો પણ કહે છે.'

'એ બધું ગમે તે હોય.' મેં કહ્યું, 'પણ મને જે લાગે છે તે હું તો કહી રહ્યો છું. એનો અર્થ એવો નથી કે અરવિંદ પ્રત્યે મને ઓછું માન છે. તેમની સેવા, કાર્યશક્તિ, ઇચ્છાશક્તિ બધું જ અદ્ભુત છે. તેમના વિચારો પણ સુંદર છે. તે મહાન પુરુષ છે.'

વકીલને એ વાર્તાલાપથી તે વખતે શું થયું તે તો તે જ જાણે. કદાચ તે મને વિચિત્ર માન્યતાનો માની બેઠા હશે. પણ એ પ્રસંગ પછી આઠેક મહિને મહાન યોગી શ્રી અરવિંદનું દેહાવસાન થયું, તે સૌ જાણે છે.

આખરે અમે તા-૧૩ એપ્રીલે હરિદ્વારમાં કુંભનું સ્નાન હતું તેથી એક દિવસ અગાઉ હરિદ્વાર પહોંચી ગયા હતા.

માર્ગમાં જ્વાલાપુર પાસે કોલેરાનું ઇન્જેકશન પણ લીધું હતું. ઉત્તર પ્રદેશની સરકારે એને માટે સારી ને ચોક્કસ વ્યવસ્થા કરી હતી.

હરિદ્વાર કેટલું સુંદર છે! ગંગાને કિનારે વસેલું હોવાથી તે વધારે રમણીય લાગે છે. આજે તો કુંભમેળાનો આનંદ લૂંટવા લાખો લોકો ઉમટી પડયાં છે તલમાત્ર જગા નથી. હરિદ્વારની સુરત જ બદલાઈ ગઇ. 'ગંગામૈયા કી જય'ના જયઘોષ સાથે લાખો ભાવિક લોકો ગંગાઘાટ તરફ જઈ રહ્યાં છે. વચ્ચે વચ્ચે ધર્મમંડલો ને સાધુ સંતોના તંબુ છે. ત્યાં કથાવાર્તા, કીર્તન, ઉપદેશ બધું થયા કરે છે. ભારતીય સાધુ સંપ્રદાય ને લોકોની ધર્મરૂચિનું વિવિધ ને જીવંત ચિત્ર અહીં જોવા મળે છે.

ભોજનથી પરવારીને અમે ધર્મશાળામાં આવી પહોંચ્યા હતા. રાતનું દશ્ય સુંદર હતું. ગંગા કિનારે બંને બાજુ દીપમાળાની શોભા અજબ હતી. ધર્મને જીવનનો પ્રાણ માની બેઠેલા વિદ્વાનો ને સંત પુરુષો રાતે પણ ઉપદેશ આપતા હતા. 'ભજ ગોવિંદ, ભજ ગોવિંદ, ગોવિંદ ભજ મૂઢમતે'ના પડછંદા વાતાવરણમાં ફરી વળતા હતા. કયાંક ભજન ગવાય છે, કયાંક કીર્તન થાય છે. ગંગા માતાના કિનારે અપૂર્વ ઉત્સવ થઇ રહયો છે. ખુલ્લી અગાશીમાં બેસીને અમે પણ પ્રાર્થના જ કરી રહ્યા હતા.

બીજે દિવસે મને ફરવાનું મન ના થયું. સવારે માત્ર નાસ્તા માટે ધર્મશાળાની બહાર ગયા. ત્યાં જ પેલા કેનેડિયન મહાત્માનો ભેટો થઈ ગયો. ગયે વરસે મારી બિમારીમાં તે મને મળવા આવેલા. તેઓ કેનડાના વતની હતા. દોઢેક વર્ષથી તે ભારતમાં સંતપુરુષોને મળવા, શાંતિ મેળવવા ને



ભારતનું દર્શન કરવા આવ્યા હતા. તેમની જિજ્ઞાસા ને તિતિક્ષા સારાં હતાં. અંગ્રેજી ભાષા સિવાય કોઈ અન્ય ભાષા તે જાણતા નહિ. તેમને ફરી મળીને મને આનંદ થયો. તેમને ભોજન કરાવીને બપોરે અમે ઉતારા પર આવતા હતા ત્યાં તો જાણ્યું કે આજે સંતસાધુઓનું સરઘસ નીકળવાનું છે. થોડીવારમાં સરઘસ આવી પહોંચ્યું. હજારો સાધુઓ–ભગવા વસ્ત્રધારી તેમજ નગ્ન-વિવિધ સરઘસના સ્વરૂપમાં ચાલી રહેલા. એમાં સ્ત્રીઓ એટલે ભગવા વસ્ત્રધારી સાધ્વીઓ પણ સામેલ હતી. ભારતની આમજનતાનું માનસ અહીં સારી પેઠે જોવા મળતું હતું. માહાત્માઓ પસાર થતા તે માર્ગની ધૂળ લોકો અત્યંત આદરથી લઈને કપડે બાંધી લેતા.

કેનેડિયન મહાત્મા પણ આ બધું આશ્ચર્ય સાથે અવલોકી રહેલા. તેમને માટે આ દશ્ય ભારતમાં પહેલું જ હતું. સરઘસ પૂરું થયું ત્યારે મેં તેમને પૂછયું આ જોઇને તમને શું વિચાર આવ્યો? સાધુઓ વિશે તમને શું લાગ્યું? તેમણે કહ્યું કે દુઃખ, દરિદ્રતા અને અજ્ઞાનનું પ્રતીક આ સાધુઓના સ્વરૂપમાં દેખાય છે. મેં કહ્યું, "આટલું જોઇને ભારતના સંતમાહાત્માઓ વિશે કોઇ ચોક્કસ અભિપ્રાય બાંધી ના લેતા. ભારતમાં સાચા મહાત્માઓ પણ વસે છે. તેવા તમને મળ્યા હશે ને હજી પણ મળશે. વળી આ સરઘસમાં પણ કોઈ મહાન સંત નહિ હોય તેની શી ખાતરી?"

મારી વાત તેમને ગળે ઉતરી ગઈ. મને એથી સંતોષ થયો. બીજે દિવસે ૧૪ મી એપ્રીલે અમે હરિદ્વાર છોડયું ને દેવપ્રયાગની મોટર પકડી.

શાંતાતટનો પવિત્ર એકાંત આશ્રમ! આખરે અમે દેવ-પ્રયાગના શાંતાશ્રમમાં આવી પહોંચ્યાં. પર્વતની એકાકી ખીણમાં મારે માટે આ સ્થળ પ્રભુએ પસંદ કરી રાખ્યું છે તે તેની

કેવી કૃપા છે! અહીં વનમાં બધે સુંદર આંબાવાડિયું છે. જે કલમી આમ્રવૃક્ષની નીચે આ કુટિર બંધાઈ છે તે વૃક્ષરાજને પણ ધન્ય છે. તેની શોભા અપાર છે. તેની શીતળ છાયા નીચે બેસીને મેં કેટલાય વિચારો કર્યા છે, સાધના કરી છે, હ્રદયના મંથનો અનુભવ્યાં છે અને અવનવીન અનુભવો મેળવ્યા છે. એ બધા જ અનુભવોની ધન્યતારૂપ સાધનાના મંદિર પર સિદ્ધિનો સોનેરી કળશ ચઢતાં આ વૃક્ષરાજ ને વન પણ કૃતાર્થ થઈ જશે. એક મહાન ઈતિહાસ તેમની નજર સામે બનેલો તેમને યાદ રહી જશે. આ પર્વતો, શાંતા નદી, પક્ષીના સમૂહો પોતાની અસ્પષ્ટ ભાષામાં એ ધન્ય ઘડીની પ્રસન્નતાને પ્રગટ કરતાં આનંદથી ઊભરાઈ ઊઠશે.

થોડા દિવસ પછી મારે અચાનક ચંદ્રવદની જવાનું થયું. મુંબઇથી એક ઉપાસક બદરીનાથ યાત્રા માટે આવ્યા હતા. એમના આગ્રહથી મેં ચંદ્રવદની જવાનું ઠરાવ્યું. માતાજીને એ દરમ્યાન ભાઈ મગનલાલને ત્યાં રાખ્યાં. માતાજીએ મારી સાથે હિમાલયમાં અત્યંત આનંદપૂર્વક વસવાટ કર્યો હતો. મારે લીધે તે પણ એકાંતનાં કષ્ટોને વધાવીને પ્રભુસ્મરણમાં આનંદ માનતાં. મારાથી ત્રણ દિવસ માટે અહીં પહેલી જ વાર છૂટા પડ્યાં.

ચંદ્રવદની દેવીનું સ્થાન છે. પર્વત પર સાત હજાર ફૂટની ઉંચાઈએ આવેલું છે. દેવપ્રયાગથી ૧૭-૧૮ માઇલ દૂર છે. યાત્રા માર્ગથી એકદમ અલગ હોવાથી ત્યાં જવાનો રસ્તો તદ્દન પગદંડી જેવો છે. જતી વખતે ખચ્ચરની વ્યવસ્થા હતી. એટલે મને ખચ્ચર પર બેસવા મળ્યું. તેથી ચાલવાનો શ્રમ જણાયો નહિ. ચંદ્રવદની દેવીના મંદિરમાં મૂર્તિ નથી પણ યંત્ર છે. મંદિર પ્રાચીન છે. ઘણી ઉંચાઈએ હોવાથી હિમાચ્છાદિત પર્વતો, ગઢવાલના અનેક પહાડો ને પ્રદેશો



જોઈ શકતા હતા. ઉનાળો હોવા છતાં ત્યાં ઠંડી પણ સખત હતી.

પાછાં ફરતાં અમારે ચાલીને આવવું પડ્યું, કારણ કે પર્વતની ઉતરાઇમાં ખચ્ચર સારી પેઠે ચાલી શકે નહિ.

ફરીથી શાંતાશ્રમમાં માતાજી સાથે દિવસો ભાવપૂર્ણ દશામાં, આશામાં ને ઉમંગમાં, વીતી જતા હતા. ત્યારે એક કરુણ ઘટના બની. ભારતના મહાન સિધ્ધ પુરુષ શ્રીરમણ મહર્ષિનું દેહાવસાન થયું. ૧૪મી એપ્રીલનો તે દિવસ હતો. પોતાના શરીર ત્યાગ પહેલાં તેમણે મને વારંવાર સૂચના આપેલી તે વાત મેં આગળ પર કહી દીધી છે. તેમના જવાથી ભારતના આધ્યાત્મિક જીવનને એક મોટી ખોટ પડી. તેઓ ભારતીય સાધનાના મહાન પ્રતિનિધિ હતા. તે પોતે તો મુક્ત ને પૂર્ણ હતા, પણ અનેક સાધકોના પ્રેરણા સ્થાન હતા. મને કહેલું તે પ્રમાણે તેમણે સાંજે છ વાગ્યા પછી રાત્રે આઠ ને સુડતાલીસ મિનિટે શરીર છોડ્યું હતું.

વળી મુશ્કેલીઓ પણ અપાર સ્વરૂપમાં એ વખતે ઉભી થઇ હતી. એક રાતે માતાજીને સુતાં હતાં ત્યારે કાંઇક કરડ્યું. બેટરી કરીને જોયું, તો કાંઇજ ન દેખાયું. જમીનનું લીપણ ફાટી ગયું હતું. તેમાંથી વીંછી જેવો જીવ સહેલાઈથી નાસી જઇ શકે તેમ હતું. માતાજીને પગે અપાર વેદના થવા લાગી. મધરાત થઇ હશે. તે જ વખતે નીચે જઇને મગનલાલને ત્યાં રહેતા કમ્પાઉન્ડર પાસે બે ઈન્જેકશન મૂકાવ્યાં. પછી આશ્રમ પર આવ્યાં. છેવટે બીજે દિવસે કેટલીક ઉલટીઓ થયા પછી તેમને આરામ થયો હતો.

ત્યાર પછી વરસાદના દિવસોમાં છતમાંથી સાપ પણ પડેલો. ગમે તેમ કરીને એ સાપને ખીણમાં નાખી દીધો હતો. પણ માતાજીને એવા બનાવોથી ભય લાગવા માંડ્યો

હતો. વરસાદના દિવસોમાં ઓરડામાં પાણી પડતું. માત્ર બેસવાની જગા કોરી રહેતી. એવી રીતે મેં તો કેટલાંય ચોમાસા કાઢી નાંખેલા : સાધનાની ધગશમાં, સુખ કે દુઃખ— સલામતી કે કષ્ટ કૈં જ જોયા વિના એ સ્થળમાં દિવસો પસાર કરી દીધેલા. તેમાં વળી છેલ્લા બે વરસથી એક નવીનતા ઊભી થઇ હતી. નાનું એક જીવડું જેને પર્વતોમાં મિનારા કહે છે તે છાપરાના લાકડામાં પેસી જઈ ચીસ પાડયા જ કરે. મળસ્કે ચાર વાગ્યા સુધી એ ચીસ ખૂબ ભયંકર લાગે. એને લીધે રાતે સાધનભજન કરવાનું કઠિન બની જાય. પર્વતીય પુરુષો પાસેથી જાણીને એક દિવસ તેને પકડયું ને બહાર નાખી દીધું. એ રીતે ચારેક મિનારાને પકડયાં હતાં. પછી તો રોજ આવાજ આવે ત્યારે સાવધ થઇને પકડી લેતા. એથી મુશ્કેલી કૈંક હળવી થઇ હતી.

આ બધી કઠોરતા ને ભયાનકતા વચ્ચે માતાજી મારી સાથે બનતી હિંમતથી રહેતાં હતાં. ભલભલાની હિમ્મતની કસોટી થાય એવું વાતાવરણ હતું. વરસાદનો વેગ એ વરસે સખત હતો. કુટિયાની બંને બાજુથી પથ્થરો ગબડતા ગબડતા નીચે ખીણમાં પડતા. આવે વખતે એક જ પથ્થર કુટિયાને નષ્ટ કરીને ખીણમાં લઈ જવા પર્યાપ્ત હતો. પણ જે મા અનેક વરસોથી ત્યાં સંભાળ રાખી રહી હતી તે જ અમારી રક્ષક હતી. સર્વ કાંઇ છોડીને અમે એને જ આશ્રયે બેઠેલાં. તે અમારી સલામતીને સાચવતી.

એકવાર વરસાદથી રસ્તો કપાઇ જતાં અમારે સ્થાનાંતર કરવું પડેલું. નજીકમાં જ શિવલાલ રહેતા. તેઓ દેવપ્રયાગના શેઠના મકાનની સંભાળ રાખતા હતા. પ્રેમમાં તેમને અમે 'સિબ્બારામ' કહેતા. તેમના આગ્રહથી અને કોટિગામના



પ્રેમીભાઇ રામેશ્વરની મદદથી અમે તે મકાનમાં આવી વસેલા.

એ સ્થળમાં થોડાક દિવસ આનંદપૂર્વક રહ્યા પછી માતાજી એકાએક બિમાર પડયાં. તેમને તાવ તથા ઝાડા શરૂ થયા. ડૉકટરની દવા લીધી, છતાં એમને આરામ થતાં લાંબો વખત લાગ્યો. એ દિવસોમાં જરૂરી કામકાજ મારે જ કરવું પડતું. સિબ્બારામ તથા તેના હાથ નીચેના નોકરે અમને મદદ કરી. સફાઈનું બધું જ કામ તો બંને પ્રેમથી કરતા હતા. આશ્રમ પર બિમાર પડયા હોત તો મુશ્કેલી થાત. પરંતુ મા કૃપાળુ છે. જેને એક એનો જ આધાર છે તેને તે બધી જ મુશ્કેલીમાંથી ઉગારે છે.

માની કૃપાથી આખરે માતાજીને આરામ થયો. દેવપ્રયાગ સ્થળ એવું છે કે ત્યાં બિમાર માટે ફળ પણ મળી શકતાં નથી. દૂધ પણ ચોખ્ખું મળતું નથી. આજની દૂન્યવી હવા ઠેઠ હિમાલયમાં પણ ફેલાઇ ગઇ છે. ત્યાં પણ માણસો દૂધમાં ગંગાજળ મેળવીને વેચે છે. પહાડના અંદરના લોકો એ બદીથી હજી પર છે એટલું સારું છે. એ સ્થળમાં પ્રેમી માણસો પણ મળી આવે છે. ભાઇ મુરારિલાલ એમાંના એક હતા. તે પોલીસ ઇન્સ્પેક્ટર હતા. તેમણે ઋષિકેશથી મોટર દ્વારા સારા ફળ મંગાવી આપ્યાં હતાં. સારા દૂધની પણ વ્યવસ્થા કરી દેવામાં આવી હતી.

દોઢેક માસ પછી માતાજીને પૂરો આરામ થયો ને અમે મોટર માર્ગ ચાલું થયો એટલે દેવપ્રયાગ છોડયું. દિલ્હીથી અમદાવાદ થઇને અમે પ્રથમ સૌરાષ્ટ્રના મહુવા બંદર ગયાં હતાં. ત્યાંથી એકાદ માસ પછી સરોડા જવાનું થયું હતું. દિવાળીના દિવસો ત્યાં જ પસાર કરેલા.

(ક્રમશઃ)

(પાના ૧૪નું અનુસંધાન)

વિસર્જનની ક્રિયા શરૂ થઈ.

શ્રી જગદીશભાઈ જોશી, શ્રી શાંતિભાઈ, શ્રી ડાહ્યાભાઈ, શ્રી વનમાળીભાઈ તથા શ્રી રતિભાઈએ સૌના પ્રતિનિધિ બની એ પવિત્ર કાર્ય પૂર્ણ કર્યું, ત્યારે સૌએ કૃતકૃત્યતા અનુભવી.

દક્ષિણ આફ્રિકાના ઈતિહાસમાં ભારતના કોઈ સંતપુરુષના અસ્થિનું વિસર્જન થયું હોય તેવા ફક્ત બે જ પ્રસંગ છે. ૧૯૪૮માં મહાત્મા શ્રી ગાંધીજીના અસ્થિના વિસર્જનનો જાહેર કાર્યક્રમ થયો હતો. ત્યાર પછી આ બીજો ઐતિહાસિક ને ધાર્મિક પ્રસંગ હતો. પૂ. શ્રી યોગેશ્વરજીને ભારતની મહાન વિભૂતિ મહાત્મા ગાંધીજી ઉપર ઊંડો આદર ભાવ હતો. તેથી જ તો પૂ. શ્રી યોગેશ્વરજીએ "ગાંધી ગૌરવ" નામનો મહાકાવ્યનો ગ્રંથ ગાંધીજીના જીવન ઉપર લખ્યો છે જેને અમદાવાદના નવજીવને પ્રકાશિત કર્યો છે. તેની નકલ ડરબનના નષ્ટ થયેલા ફીનીકસ-આશ્રમના પુસ્તકાલયમાં પણ જોવા મળેલી. બંને સંતવિભૂતિના જીવનના આદર્શો, સાદાઈ, સરળતા અને દેશપ્રેમ અદ્‌ભુત હતાં. અને તેથીજ કુદરતી રીતે જ એ બંનેના અસ્થિ વિસર્જન વિદેશની ધરતી ઉપરથી હિન્દી મહાસાગરના જળ પ્રવાહમાં થાય એ સર્વથા ઉચિત હતું.

ફક્ત ૧૨૫ દિવસના દક્ષિણ આફ્રિકાની યાત્રા દરમ્યાન પુનિત સેવા સંઘે પૂ. શ્રી ઉપર જે પ્રેમભાવ ને ભાવભક્તિ દર્શાવ્યાં તે અવિસ્મરણીય છે. વિદેશમાં વસતા એ સંઘે અંતિમ અવશેષોના વિસર્જનનો કાર્યક્રમ પણ અદ્‌ભુત રીતે ઉજવ્યો એટલું જ નહીં, પણ તેની નોંધ ત્યાંના પ્રસિદ્ધ વર્તમાન

The Leader

VOICE OF THE PEOPLE

Vol. XLVI No. 11 THE LEADER, 21 MARCH 1986

# MAHATMA'S ASHES CAST IN OCEAN

Leader Reporter

PART of the ashes of a Hindu religious leader, Mahatma Yogeshwar, were scattered in the sea off the Blue Lagoon, Durban, on Sunday morning.

The Mahatma, who visited South Africa on a lecture tour from December, 1982 to March 1983, died soon after his return to India.

The immersion of the ashes took place on the second anniversary of the holy man attaining maha samadhi.

Since his death, ashes of Mahatma Yogeshwar have been taken to different parts of the world by his followers.

Mr K.K. Mistri, president of the Sant Punit Seva Sangh, which hosted the Mahatma and planned his itinerary during his visit was instrumental in obtaining the ashes from India.

"I had learnt of Mahatma Yogeshwar's death and the fact that his devotees in other parts of the world had made requests for some of his ashes.

"I decided to do the same as His Holiness had made a strong impact on all who came into contact with him during his stay here," Mr Mistri said.

"I did not think my letter would be seriously considered and I was pleasantly surprised when I was informed that my request was granted."



A small urn of ashes was kept at a Saptha Mandir in Durban until the ritual casting of the ashes unto the sea.

A small urn containing the ashes was brought from India by a member of the sangh a short while back and it was kept at a temple until last Sunday when the ashes were immersed.

Several members of the Sangh were on board the little boat that headed out from the harbour on Sunday morning to a point off the Umgeni mouth for the ash scattering ritual.

Mr Mistri said the Mahatma's personal dynamism and charisma won him the respect of all who came into contact with him during his highly successful visit.

પત્ર 'ધ લીડર' માં પણ આપી તે પણ આ અંકની તસ્વીરમાં જોઇ શકાય છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના જીવન સંદેશના સારરૂપ ડરબનનો એ સંત પુનિત સેવા સંઘ ધ્યાન કેન્દ્ર પણ ચલાવે છે. જેનું નામ શ્રી મહાત્મા શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર છે. તેનું સફળ સંચાલન શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈ, શ્રી ડાહ્યાભાઇ સહુ સાથે મળી કરે છે, તે સૌ અભિનંદનના અધિકારી છે.

દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરના સંત પુનિત સેવા સંઘની વિવિધ સમાજપયોગી ને ધાર્મિક પ્રવૃત્તિઓ પ્રશંસાને પાત્ર છે. એ સંઘના ઉત્સાહી સંચાલકો શ્રી શાંતિભાઈ, શ્રી રતિભાઈ, શ્રી ડાહ્યાભાઈના હૃદયમાં રહેલી સંત મહાત્માઓ પ્રત્યેની આદર ભાવના તેમજ સાંસ્કૃતિક સુવાસને હજારો વંદન હો, વંદન હો, વંદન હો.

---

( પાના ૮ નું ચાલુ )

તરફથી કરવામાં આવ્યો હતો. અગિયારસના ઉપવાસીઓ માટે પણ ખાસ ફરાળની વ્યવસ્થા હતી.

પૂ. માના આમંત્રણને માન આપી અમદાવાદથી બે બસો, વડોદરાથી બે લકઝરીબસો, મોરબીથી મેટાડોર, ચાર ગાડીઓ, ઉપરાંત કેટલાય ભક્તો સીધા સરોડા આવ્યા હતા.

વિદાય વખતે શ્રી તારાબેન સહુ સાધકોને ગામના ઝાંપે વિદાય આપવા આવ્યાં હતાં, ત્યારે પૂ. માના ભજનના પેલા શબ્દો "ભાઇલાલમાંથી પ્રકટયા શ્રી ભગવંતજો" સાધકોના કાનમાં ગૂંજી રહ્યા હતા.



# સાઈકૃપાનું દર્શન

નારાયણભાઈ જાની

પૂ. માની સૂચના પ્રમાણે તા. ૨૨-૩-૮૬ ની વહેલી સવારે ચાર વાગે અમે તેમના ઉતારા ઉપર પહોંચ્યાં. જોયું તો પૂ. માના ઓરડાની હજી બત્તી થઈ નહોતી એથી લાગ્યું કે મા હજી તૈયાર થયાં નહિ હોય. અમે એમના ઓરડાના બહારના દ્વાર આગળ બેઠા ને ભગવદ્ સ્મરણ કરવા લાગ્યા. અડધા કલાક પછી પૂ. માના ઓરડાની બત્તી થઈ. પંદર મિનિટમાં પૂ. મા તૈયાર થઇ બહાર આવ્યાં. બધાજ ભકતો તૈયાર થઈ પોતપોતાના વાહનમાં ગોઠવાઇ ગયાં હતાં. કોઈને કાંઇ તકલીફ તો નથીને, તેની પૃચ્છા પૂ. માએ કરી લીધી. એ એમનો સ્વભાવ છે.

અમે લગભગ પોણા પાંચ ગેવા સાઇનાથ ભગવાનકી જય-ના ઉદ્‌ઘોષ સાથે શિરડી જવા પ્રસ્થાન કર્યું. અમે પૂ. માની ગાડીમાં આગળ બેઠા. પૂ. ગુરૂદેવ સાથે પૂ. મા-પાછલી સીટ ઉપર વિરાજ્યાં. આ ગાડી પૂ. માના ઘરનીજ હતી. તેને ચલાવનાર ભાઈ શ્રી હરિ જાતે મુસલમાન પરંતુ ખૂબ પવિત્ર. દિવસમાં ત્રણવાર નમાજ પઢે. શુદ્ધ શાકાહારી. એથીજ પ. પૂ. મહાત્માજી પણ ડ્રાયવર તરીકે એમને પ્રસંદ કરતા.

વળી પૂ. શ્રી સાથે એણે હિમાલયની બદ્રિકેદાર તેમજ ગંગોત્રી જન્મોત્રીની યાત્રાઓ પણ કરેલી. આમ હરિ એટલે પૂ. શ્રી ની કૃપા પામેલ સાધક. પૂ. મા-પ્રભુમાં એને ખૂબ શ્રદ્ધા. પૂ. શ્રી એની સાથે ખૂબ પ્રેમમય વ્યવહવાર કરતા અને પ્રવાસમાં એનું ખાસ ધ્યાન રાખતા.

આ યાત્રાએ નીકળતાં મને લાગ્યું કે થોડા વહેલા નીકળાયું હોત તો સારૂ; કારણ કે શિરડીનો પ્રવાસ લગભગ ત્રણસો કિલોમીટર જેટલો લાંબો હતો. છતાં પૂ. માએ નીકળવામાં થોડું મોડું કર્યું તેની પાછળ કંઈ મંગલજ હશે, એમ માની માનસિક સમાધાન મેળવી લીધુ.

પૂ. માએ બધાને ખાસ સૂચના આપેલી કે આપણે પ્રવાસે જતાં નથી, યાત્રાએ જઈએ છીએ. એટલે બધાંજ ભજન કે ધૂન બોલાવતાં રહે. યાત્રામાં આપણો બધોજ સમય પ્રભુ સાથેના અનુસંધાનમાં વીતાવો જોઈએ. તોજ સાચા અર્થમાં યાત્રા થઇ એમ ગણાય.

અમારી આ યાત્રામાં કુલ ૩૬ માણસો હતાં અને છ વાહનો. વહેલીસવારે દરેક વાહનમાંથી યોગેશ્વર બાવની તેમજ ભગવાનની ધૂનના તાલબદ્ધ ધ્વનિ દૂર દૂર સુધી સંભળાઇ, વાતાવરણમાં વિલીન થતા; તેની અસર અમે સહુ અનુભવતા. વહેલી સવારે પ્રકૃતિ પણ કેટલી બધી શાંત હોય છે! હજી રસ્તા ઉપર માણસો કે વાહનની કોઈ ખાસ અવરજવર ન હતી. એટલે વાહનોની ગતિ સારા જેવી ઝડપી રહેતી.

વાંસદા પાસે પેટ્રોલ પમ્પ ઉપર બધાં વાહનો રોકાયાં, કારણકે જીપના ડ્રાયવરોને ડીઝલ લેવું હતું. તપાસ કરતાં માલુમ પડયું કે આ પમ્પ સવારે છ પહેલાં ખુલતો નથી. અમે પહોંચ્યા ત્યારે સાડા પાંચ થવા આવ્યા હતા અમે વહેલા આવ્યા હોત, તોપણ અમારે અહીં રોકાઇ રહેવું પડત. ત્યારે મને સમજાયું કે પૂ.મા થોડાં મોડાં નીકળ્યાં તેની પાછળનું રહસ્ય શું હતું. કેટલીક વાર આપણે આપણી બુદ્ધિના ગજથી મહાપુરુષોની ક્રિયાઓ કે ચેષ્ટાઓને મુલવવા પ્રયત્ન કરીએ છીએ, પરંતુ સમજતા નથી કે આપણી બુદ્ધિની



મર્યાદા કેટલી અલ્પ છે!

પેટ્રોલ પમ્પ ખુલવાની વાર હતી એટલે બધાંજ ભાઇ બહેનો પોતાનાં વાહનોમાંથી ઉતરી ગયાં ને તાલબદ્ધ રીતે ગરબાની ગોળાઇમાં ગોઠવાઈ, યોગેશ્વર બાવની ને ધૂન બોલવા માંડ્યા. શ્રી ચંપાબેન ખંજરીથી તાલ આપતાં હતાં, તો શ્રી પુરોહિત બેલડી ભાવપૂર્ણ સ્વરે પ.પૂ-ગુરૂદેવની ધૂન બોલાવી રહ્યા હતા. ત્રીસ જેટલાં ભાઇબહેનોના ભાવવાહી સ્વરોથી ગવાતા એ ભજન-ધૂનથી આખું વાતાવરણ ગુંજી ઊઠયું હતું, એટલુંજ નહિ પરંતુ આસપાસથી પસાર થતા છૂટા છવાયા માણસો પણ ઘડીભર થંભી, આ ભજનધૂનનો સ્વાદ માણી લેતાં. વાતાવરણમાં એક પ્રકારની સાત્વિક મસ્તી વરતાતી, તો ગાનારાઓ બધા નિઃસંકોચભાવે તાલબદ્ધ રીતે ઘૂમવામાં પોતાની જાતનેજ ભૂલી બેઠા હતા. આ દૃશ્ય જોનારને પ્રતીતિ કરાવતું કે આ કોઇ પ્રવાસીઓનો સંઘ નહિ, પરંતુ સાચા અર્થમાં યાત્રીઓનું વૃંદ છે.

વાસંદા પછીનો અમારો બીજો વિસામો હતો સાપુતારા. પૂ. માએ અહીં સહુને મ્યુઝિયમ અને બગીચો જોઈ લેવા જણાવ્યું. મ્યુઝિયમ હજી ખુલ્યું ન હતું અને બગીચાની એક બાજુ ઉપર સૂકા વૃક્ષના થડ ઉપર એક જીવંત ઉડતો લીલો પાતળો સાપ જોયો. પહેલી નજરે એ સ્થિર બંધાઇ રહેલો સાપ મૃત કે પ્રતિકૃતિ જેવો લાગ્યો. પરંતુ જ્યારે તેણે પોતાની ડોક હલાવી ત્યારે એની જીવંતતાની ખાત્રી થઈ. મનમાં થોડો ભય પણ લાગ્યો. પહેલાં એને નિર્જીવ માની તેની ઘણી નજીક જઇ અમે ઊભા રહેલા.

મ્યુઝિયમનો સમય થયો ન હતો એટલે તે હજી ખુલ્યું ન હતું. પરંતુ દરવાજા પાસેની ખુલ્લી બારીમાંથી અંદરની

વસ્તુઓનો અંશતઃ ખ્યાલ આવતો હતો. એમાં નજર કરતાં એક જીવતા મોટા કાળા સાપને ફરતો જોયો. બધાંને ખાસ્સુ કુતૂહલ થયું. સૌએ બારીમાંથી ડોકાઇને જોયો ત્યારે શાંતિ અનુભવી. એ દૃશ્યે મારા મનમાં થોડી આંતરાભિમુખતા સર્જી. થયું કે આપણે બધા કેવા છીએ? આંખ બંધ કરી, ધ્યાનાવસ્થામાં જે જોવાનું છે તે જોતા નથી અને બહારની આવી નગણ્ય વસ્તુ જોવાની કુતૂહલતા રોકી શકતા નથી! ખરેખર, મનનો આ ખેલ અજબગજબનો છે. એનો પાર પામવો મુશ્કેલ છે.

સહુ પાણી પી, થોડી વિશ્રાન્તિ અનુભવી ગાડીઓમાં ફરી ગોઠવાયાં. પૂ. માને તો પાણી પણ પીવાનું ન હતું. હવે થોડી ગરમી લાગતી હતી; પરંતુ સાપુતારાની ઊંચાઈ ઠંડક પ્રેરતી હતી. અહીંથી અમારે મહારાષ્ટ્રમાં પ્રવેશી નાસિક પહોંચવાનું હતું. પર્વતો પરથી ઉતરાણનો માર્ગ હવે આવતો હતો. વાંસદા પછી સાપુતારા આવતાં જે પર્વતીય ચઢાઇ હતી, તે પર્વતોની કેટલીક ઉતરાઈનો ભાગ મહારાષ્ટ્ર-માં પડતો હતો.

ઉતરાઇનો રસ્તો હોવાથી, ગાડીઓની ઝડપ સહજરીતે વધી હતી, પરંતુ માર્ગમાં આવતા વળાંકો સાવચેતી રાખવા-ને બીનજરૂરી ઝડપ ઉપર નિયંત્રણ મૂકવા ફરજ પાડતા હતા. રસ્તામાં એક ગામના સીમાડે માર્ગ ઉપર જ સુંદર વડનું ઝાડ આવતાં, પૂ. માએ થોડો વિશ્રામ કર્યો. એટલામાં બધાં વાહનો સાથે થઇ ગયાં. હવે અમે નાસિકથી બહુ દૂર ન હતા. એટલે બધાંઓને પૂ. માએ સૂચના આપી કે નાસિકના મુક્તિધામમાં સહુએ પહોંચવાનું. શ્રી જીતુભાઇ-ની ગાડી શ્રી ભરત ચલાવતો હતો. એને માટે પર્વતીય



પ્રદેશમાં ગાડી ચલાવવાનો આ પહેલો પ્રસંગ હતો, છતાં તેણે સરસ ગાડી ચલાવી. પૂ. માએ એને અભિનંદન આપ્યા. એણે મુક્તિધામ જોયું ન હતું. એટલે તે રસ્તો ચૂકી આગળ નીકળી ગયો. પૂ. માને એમની ચિન્તા થવા માંડી. તેઓ તુરત ગાડી લઇને એમને શોધવા નીકળ્યાં. પરંતુ થોડે આગળ જતાં ભરતને ખ્યાલ આવી ગયો કે તે ભૂલથી આગળ નીકળી ગયો છે. એટલે એણે ગાડી પાછી વાળી લીધી. પરિણામે એને શોધવા નીકળેલાં પૂ. માનો મેળાપ સરળતાથી થઈ ગયો. પૂ. માને એથી ઘણી રાહત થઈ.

અહીં બધાંએ ખૂબ પ્રેમપૂર્વક દર્શન કર્યાં. ઠંડુ પાણી પીધુ. પૂ. માએ જેમને જમવું હોય તેમને જમી લેવા સૂચના આપી. તે દિવસે અગિયારસ હતી એટલે ઉપવાસવાળાઓને કંઇ ફળ કે ફરાળ ખાઇ લેવા જણાવ્યું. પૂ. માને તો પાણી પણ લેવાનું ન હતું. તો ફળ કે ફરાળની તો વાત જ ક્યાં રહી! છતાં કોઈપણ સાધક ભૂખ્યો રહે એ માને ગમતું નહિ. આ બધા વ્યવહારમાં પૂ. માનું વાત્સલ્યમય ભગવતી સ્વરૂપનું દર્શન થતું.

હવે ગરમી લાગતી હતી. અમે પાણી પીતા પરંતુ તરસ છીપતી નહિ એટલે વારંવાર થોડું થોડું પાણી પી લેતા. મનમાં થતું કે જીવનમાં આત્મિક ઉન્નતિ માટેની આવી તીવ્ર તૃષા લાગી જાય, તો કેવું સારું! જીવનમાં કેવી ઝડપી પ્રગતિ થાય! પરંતુ પૂર્વના ઉત્તમ સંસ્કારો વગર એવી આધ્યાત્મિક તરસ થોડી લાગે છે!

બપોર પછી અમે શિરડી જવા માટે પ્રસ્થાન કર્યું. આ રસ્તે હવે વનરાજી નથી. ખેતરોમાં ક્યાંય ક્યાંક શેરડીનો પાક ઊભો હતો. અમારી ગાડીઓ જેમ જેમ શિરડી તરફ

આગળ વધી રહી, તેમતેમ સાઈનાથ ભગવાનકી જય અને સાઇનાથ પ્રભુની સ્તુતિ અને આરતી વગેરેના સૂરો વાતાવરણને ભરી દેતા. બધાજ સાધકો ભજનધૂનની મસ્તીમાં પ્રવાસનો થાક ને વાતાવરણની ગરમીને ભૂલી ગયા હતા.

આખરે અમે અમારા લક્ષ્યસ્થાન ભગવાન સાઈનાથના પવિત્રધામ શિરડી આવી પહોંચ્યા. તે વખતે કોઈ પ્રધાન શિરડી દર્શને પધારેલા. એથી અમારી ગાડીને બીજા રસ્તે વાળવા સૂચના મળી. સાઈનાથ ભગવાનના સમાધિમંદિરની પાસેની ધર્મશાળાઓના પટાંગણમાં અમારી ગાડીઓ આવીને રોકાઈ. અમારું પહેલું કામ પૂ. મા માટે યોગ્ય ઉતારો શોધવાનું હતું. શ્રી જીતુભાઈ, શ્રી ઈશ્વરભાઇ અને શ્રી ભગવાનજીભાઈ એ કામમાં લાગી ગયા. આ વર્ષે શિરડીમાં પણ પાણીની તંગી હતી. એટલે મંદિરનાં વિશ્રામગૃહોમાં મર્યાદિત સમય માટે પાણી મળતું, જેથી બાથરૂમ જાજરૂની સફાઈને પણ અસર પહોંચે એ સ્વાભાવિક હતું.

ઉતારાની શોધ કરનાર ભાઈઓને પાછા ફરતાં સમય લાગે એમ હોવાથી અમે બધા પચ્ચીસેક ભાઇ બહેનોને પૂ. માએ કહ્યું "સાઈનાથનાં દર્શન કરી આવો." પૂ. મા પોતાની ગાડીમાં બેસી રહ્યાં અને અમે સમાધિ મંદિરમાં પ્રવેશ કર્યો.

એ સમયે મંદિરમાં ખાસ ભીડ ન હતી. છતાં લોકો કતારમાં ઊભા રહીને સમાધિસ્થાન તરફ આગળ વધતા. અમે બધાં ભાઈ બહેનો પણ લાઈનમાં ગોઠવાઇ ઊભાં રહી ગયાં. એ વખતે મારા મનમાં કંઈક આવા વિચારો આવવા લાગ્યા. "હે સાઇનાથ પ્રભુ, અમે પૂ. મા સાથે આવ્યા છીએ. આપે પૂ. માને દર્શન આપ્યું છે, એની કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને આપના સમાધિ-સ્થાનનો મહિમા માણવા અમે ખાસ ગુજરાતથી, કેટલો બધો લાંબો પ્રવાસ ખેડીને પરિશ્રમ ઉઠાવી આવ્યા છીએ. હે પ્રભુ, અમારી કોઇ લાયકાત કે યોગ્યતા નથી. છતાં આપ આપના ભકતો તરફ અહૈતુકી કૃપા વરસાવો છો, ને તેઓની લૌકિક ઇચ્છાઓ આકાંક્ષાઓ પૂર્ણ કરો છો, તો અમારે તો એવી કોઈ ઈચ્છા નથી. પરંતુ ફકત આપની કૃપાના અમે ઇચ્છુક જરૂર છીએ." મારા વિચારોમાં એ રીતે વિક્ષેપ પડ્યો કે અમારી સાથે ઊભેલાં ભાઈબહેનોએ સમૂહમાં પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી રચિત સાઇબાબાની સ્તુતિ ગાવા માંડી. આ સ્તુતિ માંડ અડધી બોલાઈ હશે ત્યાં તો સમાધિ મંદિરના પૂજારીઓમાંથી એક યુવાન ભાઈ ઉતરી આવ્યા અને અમને કહ્યું "તમે સહુ આ વચ્ચેના ભાગમાં આવી બેસી જાઓ અને તમારી સ્તુતિ વગેરે ગાઓ. શાન્તિથી બેસીને ગાઓ."



આથી અમે બધાં લાઈનમાંથી નીકળી બાબાની સમાધિ સામે ગોઠવાયાં. અમને લાગ્યું કે બાબાએજ એ પૂજારીને પ્રેરણા કરી અમને સારી રીતે શાંતિથી સ્તુતિ અને આરતી કરવાની વ્યવસ્થા કરી આપી. એથી અમને આનંદ થાય એ સ્વાભાવિક હતું. અમે કલાકેક આ પ્રમાણે સ્તુતિ આરતી ને ધૂન ગાતાં રહ્યાં. જ્યારે પૂરું કરીને ઊઠ્યાં ત્યારે અમારા આશ્ચર્ય વચ્ચે એજ પૂજારીએ ઊભા થઇ પૂ બાબાના મસ્તક પર ચઢાવેલ એક પુષ્પગુચ્છ અને શ્રીફળ અમને સામેથી આપ્યાં. અમોને લાગ્યું કે પૂ. બાબાએ અમારી સ્તુતિ સ્વીકારી, અમને સામેથી સત્કાર્યા. આ જોઇ અમો બધાંને ખૂબ આનંદ થયો. અમારો પરિશ્રમ સફળ લાગ્યો અને પૂ. માના સાન્નિધ્યમાં કરેલી યાત્રા સાચા અર્થમાં યાત્રા બની રહી.

આ પછી અમે પૂ. માને વંદન કરવા બહાર નીકળ્યા. પૂ. મા હજી ત્યાંજ ગાડીમાં બેઠેલાં હતાં પેલા ભાઈઓ હજી આવ્યા ન હતા. અમે પૂ. માને બધી વાત કરી. અને અમને કેવી સરસ રીતે સ્તુતિ ને આરતી કરવા મળી, તે બધી વાત વિગતે કહી સંભળાવી, એથી માનેય આનંદ થયો.

એટલામાં ઉતારાની વ્યવસ્થા થઈ ગઈ. એક સારી હોટલમાં અમે બધા ગોઠવાયા. અહીં બીજી સુવિધાઓ કરતાં ઠંડા અને ગરમ પાણીની ચોવીસ કલાકની સગવડ હતી. એટલે કેટલાકોએ સ્નાન કરી લીધું. પછી અમે બધાજ પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથે ફરીથી સમાધિ મંદિરમાં ગયા. અમને અહીં એજ પૂજારીએ સાઈનાથ ભગવાનના સમાધિ સ્થાનની સામે બેસી સ્તુતિ વગેરે કરવાની વ્યવસ્થા કરી આપી. પૂ. માએ સમૂહમાં સાઇનાથની સ્તુતિ, પ્રાર્થના, આરતી ને ધૂન ખૂબ ભાવપૂર્વક ગવરાવ્યાં. અમારી ભાષા ન સમજવા છતાં એના ભાવમાં ભીંજાતા હોય તે રીતે ભાવિક ભક્તોજ નહિ, પરંતુ મંદિરના ચોકીઆતો પણ તાલ આપતા. અમારી આસપાસ સારૂં જેવું માનવવૃંદ જમા થઈ ગયેલું, એની જાણ તો અમને પાછળથી આંખ ઉઘાડતાં થઈ. પૂ. માએ આજે પાણી પણ લીધું ન હતું અને ખૂબ લાંબો પ્રવાસ ખેડ્યો હતો, છતાં એમનો અવાજ એટલો બધો બુલંદ ને સુરીલો હતો, કે સમાધિમંદિરના સમગ્ર સ્થાનને ભરી દેતો. પૂ. મા તો જાણે દેહભાન ભૂલી બાબાની ધૂન ગવરાવતાં હતાં. એમના એ વખતના ભાવો અદ્દભુત હતા. શ્રી સાઇનાથ ભગવાન જાણે સામે પ્રત્યક્ષ પ્રકટ થઈ ઊભા હોય અને પૂ. મા ના ભાવો ને ભક્તિને સ્વીકારી રહ્યા હોય, એવું અમને લાગ્યુ.



અમારી પ્રાર્થના આ વખતેય પૂરી થઇ ત્યારે બીજા પૂજારીએ પૂ. મા નું અભિવાદન કર્યું અને એમને પણ શ્રીફળ અને પ્રસાદીનો પુષ્પહાર આપી સત્કાર્યાં. પૂ. બાબાની ફરીવારની આવી અલૌકિક કૃપા વિલોકી અમારી આંખો આનંદના અશ્રુઓથી ઉભરાઇ આવી. અમો પૂ. બાબાની અલૌકિક દિવ્ય શક્તિને વંદી રહ્યા.

આજે મંદિરમાં પૂ. માને સુરતની એક જૂની સત્સંગી બહેન મળી હતી. તે બાબાની ખાસ ભક્ત હતી અને તે અવારનવાર ભક્તોને સાથે લઈ શિરડી આવતી. એથી મંદિરના પૂજારીઓ અને વ્યવસ્થાપકો સાથે એને સારા જેવો પરિચય હોવાની એણે અમને વાત કરી. પછી ઉમેર્યું કે તમો બધાં સવારે નવ વાગ્યાં સુધી રોકાવ તો શ્રી સાઇબાબાની મૂર્તિનું પૂજન અને ચરણસ્પર્શ–પૂ. માને કરાવી શકું. અમને રોકવામાં વાંધો ન હતો એટલે અમે એ બેનની વાત સ્વીકારી લીધી.

બીજા દિવસે અમે બધાં વહેલી સવારે તૈયાર થઇ, સમાધિમંદિરમાં પહોંચ્યાં. પાંચ વાગે પૂ. બાબાની મૂર્તિને સ્નાન કરાવવામાં આવે છે અને અભિષેક થાય છે. અમે બધાંએ આ બધી ધાર્મિક વિધિ દૂર બેસીને જોઇ. અમારો ભાવ એ વખતે એવો હતો કે જાણે અમેજ માનસિક રીતે એ પૂજા કરી રહ્યાં ન હોઈએ ! એ જોવામાં અમને આનંદ આવ્યો.

હવે અમારી પાસે સવારે નવ સુધીનો સમય ફાજલ હતો. એટલે પૂ. માએ પ.પૂ. શ્રી ઉપાસની મહારાજના સ્થાન સાકુરી જવા જણાવ્યું. સાકુરીનું સ્થાન શિરડીથી માત્ર ૪ કી. સી. જેટલું દૂર છે. ત્યાં પ. પૂ. ગોદાવરીમાને

લીધે મોટા ભાગે બહેનો ઘણી મોટી સંખ્યામાં રહે છે. અહીં બહેનો પણ વેદમંત્રો સાથે યજ્ઞો કરે છે. સવારે થતી પૂજાના સમયે વાતાવરણ ખૂબ પ્રભાવશાળી અને આપણને આપણા ઋષિ મુનિ સેવિત પ્રાચીન આશ્રમની યાદ અપાવી જાય છે.

અહીંનાં બધાંજ દેવસ્થાનોમાં બધાંએ ખૂબ પ્રેમ ભક્તિ-પૂર્વક દર્શન કર્યાં. મંદિરના બહારના ભાગમાં કેટલાક ફળ વેચનારા ભાઇ-બહેનો બેઠાં હતાં. એમની પાસે રામફળ હતાં. પૂ. માએ બધાંને કહ્યું, "અરે! યોગેશ્વર વાડીનાં આ ફળ લો." જાણે પૂ. મા એ ફળવાળા ઉપર કૃપા વરસાવી રહ્યાં ન હોય! અને જોત જોતામાં એ ફળવાળાનાં લગભગ બધાંજ રામફળ ભક્તોએ ખરીદી લીધાં. પાકાં રામફળ ખરેખર ખૂબ સ્વાદિષ્ટ લાગતાં હતાં. મહાષ્ટ્રના આ ભાગમાં આ ફળ વધારે પ્રમાણમાં થતું લાગે છે.

સાકુરીથી બે કલાકમાં અમે પાછાં આવ્યાં ત્યારે સમાધિ મંદિરમાં સાઇબાબાની પૂજા ને ચરણસ્પર્શ માટે લાંબી કતારો લાગી ગઈ હતી. રવિવારનો દિવસ હોવાથી આજે મંદિરમાં ભીડ સારા પ્રમાણમાં હતી. અગાઉ કહ્યા પ્રમાણે પેલાં બેને પૂ. મા ચરણસ્પર્શ અને પૂજા કરી શકે તે માટે ઘણા બધા પ્રયત્નો કરી જોયા. પરંતુ તેમને તેમાં સફળતા ન મળી. છેવટે અમારી સાથેનાં શ્રી. શાન્તાબેન ભટ્ટે સંસ્થાના પ્રમુખને પૂ. માનો થોડો પરિચય આપી વિનંતી કરી અને પ્રભુકૃપાથી એમની વિનંતી સ્વીકારાઇ. પૂ. માને સાઇબાબાના ચરણ સ્પર્શ અને પૂજા માટે બીજાઓની જેમ લાઇનમાં ન ઊભા રાખતાં, અલગ બેસાડી તેમને સહુથી પહેલાં આ વિધિ કરવા દીધી.

એ જોઈ અમને ખૂબ ખૂબ આનંદ થયો. અમને થયું પૂ. બાબાએજ પૂ. માની ભાવના અદ્ભુત રીતે પૂરી કરાવી. કયા



કર્મ માટે કોને નિમત્તિ બનાવવું એ પ્રભુના હાથની વાત હોય છે. એની પ્રતીતિ આ પ્રસંગ કરાવી ગયો.

લેંડી બાગમાં બેસી અમે બધાંએ નાસ્તો કર્યો અને પછી સાઇબાબાની જય પોકારી અમે અમારી વળતી મુસા-ફરી આરંભી. પાછા ફરતાં મુક્તિધામમાં એક વિચિત્ર ઘટના બની. અમારી સાથેનાં સહયાત્રી શ્રી શાન્તાબેનનું પાકીટ આંખના પલકારામાં નજર ચૂકવી એક આઠેક વર્ષનો છોકરો ઉપાડી દોડી ગયો. પાકીટમાં પૈસા તો બહુ ન હતા પરંતુ બેનના બ્લોકની ચાવી વગેરે અગત્યની ચીજો હતી. એટલે એ બેનને ખૂબ દુઃખ થયું. કેવી રીતે એમનું આ પાકીટ ગૂમ થયું તે અમને કોઇને કંઇ સમજ પડી નહિ આથી અમો બધાંને ખૂબ દુઃખ થયું. પરંતુ હવે શું કરવું એની વિમાસણમાં અમે હતા. અમે મનથી પ્રાર્થના કરી કે "હે બાબા, શાન્તા બેનની આ મુશ્કેલી દૂર કરી, એમનું પાકીટ મેળવી આપો."

અને અમારા આશ્ચર્ય વચ્ચે બે મિનિટમાંજ મુક્તિધામનો ચોકિયાત એક છોકરાને પકડીને બહારથી લાવ્યો. એની પાસેથી ખોવાયેલું શાન્તાબેનનું પાકીટ મળ્યું હતું. એ છોકરો બધાની નજર ચૂકવી પાકીટ લઈને સીફતથી ભાગતો હતો, તેના ઉપર ચોકીદારની નજર પડી. એણે જરાય વિલંબ કર્યા વગર બીજા એક છોકરાને પેલા છોકરા પાછળ દોડાવ્યો, કારણ કે પોતે મોટી ઉમ્મરનો હોવાથી એ છોકરા-નો પીછો કરી શકે તેમ ન હતો.

ગમે તેમ, શ્રી શાન્તાબેનને એમનું પાકીટ મળી ગયું એનો અમને આનંદ થયો. શ્રી સાઈબાબાએ અમારી પ્રાર્થના કેટલી શીઘ્ર સાંભળી હતી! સંતપુરુષોના સામર્થ્યને આપણે કેવી રીતે માપી શકીએ! એમની ગતિ અને વિધિ અનેરી

હોય છે. માનવ બુદ્ધિ એનો પાર સહજરીતે પામી શકતી નથી. એ કેવી લીલા ક્યારે કરે તે માનવથી ન કળાય.

પાછાં ફરતાં સાપુતારાના ટૂંકા રોકાણમાં બધાજ સાધકો પૂ. માની સંન્નિધિમાં ખૂબ મન મૂકીને નાચ્યા. એ દૃશ્ય ખરેખર અદ્દભુત હતું. પૂ. માએ જાણે એના પુરસ્કારરૂપે બધાંને પોતાના હસ્તે પ્રસાદ આપી કૃતકૃત્ય કર્યા. અમે પૂ. માની એ અદ્દભુત અહૈતુકી કૃપાને સાનંદ મનોમન માણી રહ્યા.

અસ્તેયનો અર્થ ચોરી ન કરવી એટલો જ નથી. જે વસ્તુની આપણને જરૂર નથી તે રાખવી, લેવી, તે પણ ચોરી છે. ચોરીમાં હિંસા તો ભરેલી જ છે.

*

અપરિગ્રહનો અર્થ એ છે કે, આપણને જેની આજે જરૂર નથી તેવી કોઇ ચીજનો આપણે સંગ્રહ ન કરીએ.

*

મીરાંબાઇના જીવનમાંથી મહત્વની વાત આપણે એ શીખીએ છીએ કે તેણે ભગવાનને માટે પોતાનું સર્વસ્વ છોડયું–પતિ પણ.

*

જે અંતરમાં ખરેખર સ્વચ્છ છે તે બહાર અસ્વચ્છ હોઈ જ ન શકે.

*

સાચું કાર્ય કદી નકામું નથી થતું, સાચું વચન અંતે કદી અપ્રિય નથી થતું.

## * જ્યોતિર્મયી વિશ્રામ ગૃહ માટે સહાય *

યાત્રાધામ અંબાજી ખાતે બંધાઈ રહેલ પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય અધ્યાત્મ પ્રેમીઓ કરતા રહે છે. એ સહુના અમે હૃદયપૂર્વક આભારી છીએ. સહાયની વિગત નીચે પ્રમાણે છેઃ-

રૂા.
૧૦૦૧ શ્રી દુર્લભજી જીવરામ પંડ્યા.
૫૦૧ શ્રી લલિતાબેન મધુસુદન, કપૂરા.
૫૦૧ પ્રભાબેન ગોવિંદભાઈ પટેલ, સુરત.
૫૦૧ રમાબેન મગનભાઇ કોન્ટ્રેકટર, સુરત.
૨૫૧ વનલીલાબેન મરચન્ટ.
૧૦૦ એક સાધક તરફથી.

## * જાહેર વિનંતિ *

સાધક ભાઇ–બહેનોને થયેલા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના તથા મા સર્વેશ્વરીના કૃપા પ્રસંગોનો શ્રદ્ધાભક્તિના ભાથા સ્વરૂપ એક સર્વોપયોગી સંચયગ્રંથ પ્રકાશિત કરવ નું આપણે વિચારી રહ્યા છીએ. તેથી સત્યને વફાદાર રહી પોતાને થયેલા અનુભવને પોતાની ભાષામાં કાગળની એક જ બાજુ પર, સુંદર અક્ષરે તા. ૩૧મી જુલાઇ ૧૯૮૬ સુધીમાં, નીચેના સરનામે મોકલવા સર્વેને વિનંતિ કરવામાં આવે છે.

તે ઉપરાંત, જેમની પાસે પૂ. શ્રી યોગેશ્વરજીના પત્રો હોય, તેની સુંદર ઝેરોક્ષ નકલો પણ મોકલાલવા વિનંતિ છે.

ઇશ્વરભાઇ પ્ર. પટેલ
મુ. પો. કપુરા. તા. વ્યારા, ૩૯૪૬૫૫. જિ. સુરત

# * પુરાણ પુરુષ *

એક પુરાણ પુરુષ અને પુરાણ પુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી. અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા રહી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી, જગત શું સ્થિતિમાં છે, તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદ-ભાવ રહ્યો નથી, કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે એની ખબર રખાતી નથી. અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ, અમારે શું કરવાનું છે, તે કોઈથી કેવાય તેમ નથી. અમે બધા પદાર્થોથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ. જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ.

*

બીજું કાંઈ શોધ મા. માત્ર એક સત્પુરુષને શોધીને તેનાં ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દઈ વર્ત્યો જા.

પછી જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. સત્પુરુષ એ જ કે નિશદિન જેને આત્માનો ઉપયોગ છે, શાસ્ત્રમાં નથી અને સાંભળ્યામાં નથી, છતાં અનુભવમાં આવે તેવું જેનું કથન છે; અંતરંગ સ્પૃહા નથી એવી જેની ગુપ્ત આચરણા છે.

—શ્રીમદ્ રાજચંદ્ર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ— પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧